શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

છુટક નકલ રૂા. ૧/-

'ફેબ્રુઆરી ૨૦૦૫'

# *THE MOST*

| | | |
|---|---|---|
| THE **MOST** SELEFISH ONE- LETTER WORD | **"I"** | AVOID IT |
| THE **MOST** SATISFYING TWO-LETTER WORD | **"WE"** | USE IT |
| THE **MOST** POISONOUS THREE- : LETTER WORD | **"EGO"** | KILL IT |
| THE **MOST** USED FOUR- LETTER WORD | **"LOVE"** | VALUE IT |
| THE **MOST** PLEASING FIVE- LETTER WORD | **"SMILE"** | KEEP IT |
| THE **FASTEST** SPREADING SIX- LETTER WORD | **"RUMOUR"** | IGNORE IT |
| THE **HARDEST** WORKING SEVEN- LETTER WORD | **"SUCCESS"** | ACHIEVE IT |
| THE **MOST** ENVIABLE EIGHT- LETTER WORD | **"JEALOUSY"** | DISTANCE IT |
| THE **MOST** POWERFUL NINE- LETTER WORD | **"KNOWLEDGE"** | ACQUIRE IT |
| THE **MOST** ESSENTIAL TEN- LETTER WORD | **"CONFIDENCE"** | TRUST IT |

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત

# મેરેજ બ્યુરો

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ છેલ્લા ૩૬ વર્ષોથી બાલાસિનોર દશાનીમા વણીક જ્ઞાતિ સાથે કૌટુંબીક રીતે સંકળાયેલું છે. આ સંસ્થા તરફથી લગ્ન બ્યુરો દ્વારા દરેક લગ્ન વાન્છુક કુટુંબોને હૃદયપૂર્વક સંપુર્ણ સાથ સહકાર સાથે મદદરૂપ થવા માગીએ છીએ તો દરેક ઉમેદવારોએ ફોર્મ ભરવા વિનંતી છે.

ફોર્મ નીચે જણાવેલ સભ્યો પાસેથી મળી શકશે. ફોર્મ મળ્યા પછી અમારો સંપુર્ણ સહકાર આપશું, આપની સાથે વિચારોની આપ લે કરી મુલાકાત પણ ગોઠવી આપીશું તથા જરૂર પડે જન્માક્ષર પણ મેળવી આપશું.

ખાસનોંધ : આ સાથે જણાવવાનું કે શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ અખીલ ભારતીય દશાનીમા વણીક સમાજના સંપર્ક અને સહયોગમાં છે. બાલાસિનોર બહારના દશાનીમા વણીક જ્ઞાતિના ઉમેદવાર સાથે મુલાકાત ગોઠવી નક્કી કરી આપશું તથા તેના લગ્ન મેળાવળામાં પણ આપની ઉમેદવારી નોંધાવી આપશું.

આપના સહકારની અપેક્ષા

*નિમિષ મનહરલાલ કડકીઆ (મલમ) - સંયોજક*

## મેરેજ બ્યુરોની સમિતના નામ નિચે મુજબ છે

| | સભ્યોના નામ | ટેલી.નંબર (ઓફીસ) | ટેલી નંબર (ઘર) |
|---|---|---|---|
| ૧) | નિમિષ મનહરલાલ કડકિયા (મલમ) | ૨૩૪૪૪૫૫૫ | ૨૩૬૭૪૪૫૧ |
| ૨) | મોહનલાલ ચુનીલાલ પરીખ (લાય) | ૨૩૪૨૩૫૩૪ | ૨૩૮૫૬૨૪૯ |
| ૩) | રજનીકાંત કાંતિલાલ કડકીયા (ધરીવાલા) | ૨૨૦૪૪૫૨૨ | ૨૩૬૭૯૫૮૭ |
| ૪) | રજનીકાંત કાંતિલાલ કડકિયા (લટકારી) | ૨૩૪૨૧૩૧૭ | ૨૫૧૬૦૭૭૧ |
| ૫) | દક્ષેશ બાબુલાલ કડકિયા (લટકારી) | ૨૩૪૩૯૯૫૮ | ૨૩૮૬૮૪૩૦ |
| ૬) | રાજેશ કીર્તનલાલ દેસાઈ (લાટવાલા) | ૨૨૦૬૯૧૯૬ | ૨૩૮૦૦૭૬૨ |
| ૭) | ઉર્વિશ રસિકલાલ મોદી (દેવ) | ૨૮૫૦૫૮૧૪ | ૨૩૬૭૨૬૭૯ |
| ૮) | ગાંધી નિતિન પ્રવિણચંદ્ર | ૨૨૦૮૪૬૭૯ | ૨૬૨૦૨૪૩૪ |
| ૯) | પરેશ રસિકલાલ પરીખ (દુધવાલા) | ૨૩૪૨૪૦૯૬ | ૨૪૯૪૫૨૫૬ |
| ૧૦) | સુરેખાબેન શરદભાઈ કડકિયા (ટોકરશી) | ----- | ૨૩૬૭૭૯૪૯ |
| ૧૧) | દીપીકાબેન સુધીરભાઈ ગાંધી | ----- | ૨૪૩૦૯૯૮૩ |
| ૧૨) | નીનાબેન નીકુંજભાઈ કડકીયા (મલમ) | ----- | ૨૩૬૭૩૪૨૦ |
| ૧૩) | મુન્નીબેન પ્રકાશભાઈ ધારીયા | ----- | ૨૩૬૭૭૭૮૭ |

# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૭ | ૧૧ | ૧૪-૨-૨૦૦૫ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)

નિકેશ જ. ગાંધી

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૨૪૪૪૯૯૧૬ • ૨૪૪૪૯૯૨૯

**મંત્રી : પ્રદીપ કડકીઆ**

ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન, પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.

ટે.(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫

(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# એક અધુરી વાર્તા

**તંત્રીસ્થાનેથી**

*તમારી ફેવરીટ હિરોઈન કોણ ? હમણાંની પ્રીટી ઝીંટા એના પહેલાં જુહી ચાવલા, કાજોલ અને જુના જમાની મધુબાલા. આ બધી હિરોઈનમાં સામ્ય શું છે ? એમનું સ્માઈલ, એમનું નટખટીપણું, એમની પરદા ઉપરની લાઈવલીનેસ, એમનું ખુલ્લા દીલથી હસવું.*

*એક સ્માઈલ. એક ખુંલ્લુ હાસ્ય અને આપણા દીલ ખુશ. નાના બાળકો બધાને ગમે પણ કેટલાંક બાળકો નાનપણથી જ સીરીયસ. દસ વાર બોલાવો તો કદાચ બોલે, ક્યારેકતો મા બાપા વઢે ત્યારે હલો કહે. ચુપચાપ એક બાજુ બેસી રહે પણ મા બાપ કહેતા ફરે મારો ચીકું બહુ ડાહ્યો. બાળકો તો તોફાની જ હોવા જોઈએ. જો ઘરમાં ના હોય તો ઘર સુનુસુન લાગવું જોઈએ. હાય અંકલ કહીને સામેથી બોલાવે, મસ્તી તોફાન કરે. બધાની સાથે હળીમળી જાય, બોલાવવા, રમાડવા ગમે, લાડ કરવા અને લાડ પુરા કરવા ગમે. એટલે જ કદાચ કનૈયાએ તોફાનો, નટખટીપણાં દ્વારા બાળપણ વિતાવ્યુ હશે.*

*આજના ટી.વી.કે રેડીયો શોના એન્કરો પણ એકદમ લાઈવ હોય છે. જીવનથી ભરેલા (એટલીસ્ટ શો માં તો હોય છે) અને આવા જ હસતાં હસાવતાં લાઈવ એન્કરને જ પસંદ કરવામાં આવે છે જેને જોવા સાંભળવા ગમે. હા કટેલાંક વધુ પડતાં નખરાં કરીને ઈરીટેટ કરે પણ ઓવર ઓલ જીંદાદીલી દેખાઈ આવે.*

*કરુણ કથાવસ્તુવાળા પીકચરોમાં પણ, જો છેલ્લે હીરો કે હીરોઈન ને મરવાનું હોય તો આ પાત્રને આખા પીકચરમાં હસતુંરમતું જીંદાદીલ બતાવે, જેમ કી મીલી, આનંદ*

વગેરે. 'બાબુમોશાય જીંદગી કી ડોર ઉપરવાલે કે હાથમેં હૈ, હમ તો બસ ઉસકે હાથકી કઠપુતલીયા હૈ' આવું હસતાં હસતાં કહી દેતાં, પોતાની પાછળ બીજા લોકોને જીવન જીવવાનું શીખવી જતાં લોકોના મોત પર જ પ્રેક્ષકોને રડવું આવે બાકી પીકચરોમાં કેટલાંયે પાત્રો મરતાં બતાવે છે દરેક મૃત્યુ પાછળ દુ:ખ થોડું થાય.

આપણાં રોજીંદા જીવનમાં પણ આપણે આ અનુભવીએ છીએ, કેટલાકં લોકો સવારે મળે તો થાય આજે તો દિવસ સુધરી જશે અને કેટલાંકનું મોઢું પણ દુરથી જોવાનું આવે તો થાય સવાર સવારમાં આનું મોઢું ક્યાં જોયું નક્કી આજે દિવસ ખરાબ જ જવાનો. મોર્નીંગ વોકમાં પણ કેટલાકં લોકો વોકમેન લઈને ફરતાં હોય પોતાનામાં જ ખોવાયેલ હોય. કોઈની સાથે બોલવું નહીં, હાય હલો નહી અને એકાદ સ્માઈલની પણ આશા ન રખાય અને ઘણા પોતેજ વોક-મેન હોય. દરેકને જુદી જુદી રીતે ગુડમોર્નીંગ જે જે શ્રી ગોકુલેશ, જય જીનેન્દ્ર, હરીઓમ કરીને મળતાં હોય સામેથી બોલાવતાં હોય અને આનંદ ખુશી વ્યક્ત કરતાં હોય.

ઘણા લોકો મળતાંની સાથે પ્રેમથી ભેટે, ખભે હાથ મુકે અથવા તો હસ્તધુન કરે એમના હાથોમાં પણ પ્રેમની ઉષ્માનો, આત્મીયતાનો અનુભવ થાય. એમની વાતોમાંથી પણ હાસ્ય ઉભરે અને હૈયામાં પ્યાર ઉમટે. કેટલાકં લોકો સોગીયા મોઢા લઈને જ ફરતાં હોય. ભુલેચુકે કેમ છો ? શું થયું મોઢું કેમ આવું છે ? પુછયું તો આવી બને. એમના આગળના પાછળના દિવસની કહાણી દુ:ખી થઈને સુણાવી દે જાણે દુ:ખના પહાડ તો ફક્ત એમના ઉપર તુટી પડયા હોય. આવા લોકોના દિલમા રોજ દુ:ખનાં સુનામી આવતો હોય અને મોઢા ઉપર ઉભરાતો હોય જ્યારે કેટલાંક ખરેખર દુ:ખી હોય તો પણ હસતાં ને હસતાં, કેમ છો ની સામે અચુક જવાબ મળે, આપણને શું દુ:ખ છે. આપણને તો જલસાં છે. એમના દુ:ખનો ઉલ્લેખ કરીએ તો પણ કહે એ તો ચાલ્યાં કરે. આવું બધું તો આવે ને જાય આટલું બધુ ભગવાને સુખ આપ્યું છે આવું થોડું થોડું ન થાય તો એને યાદ કોણ કરે અને પાછું એ જ હાસ્ય મોઢા ઉપર રેલાઈ જાય. હાસ્ય કલ્બોમાં તો લોકો ખોટું ખોટું હસતાં હોય છે પણ ઘણા લોકો પોતે જ હાસ્ય કલબ થઈને ફરતાં હોય છે. મઝાક મસ્તી ને હાસ્ય ફેલાવતાં જાય. લોકોને જીવવા માટેના કારણો બતાવતાં જાય અને પોતાના જીવન દ્વારા કહેતા જાય કે દોસ્ત જીવન ખરેખર સુંદર છે.

હમણાં એક સરસ અધુરી વાર્તા વાંચી.

એક માણસનું જીવવું ઝેર થઈ ગયુ. આશાનું એક નાનકડું કિરણ પણ ક્યાંય નજરે ચઢતું નહોતું. એને થયું કે આ જીવનનો અંત લાવે જ છુટકો. શહેરની વચ્ચેથી રેલ્વે પસાર થાય ત્યાં જઈને, ગાડી આવે ત્યારે પાટા પર પડતું મુકવાનું તેણે નક્કી કર્યું. પણ ઘરેથી નીકળતાં બીજો પણ એક સંકલ્પ એણે કર્યો કે, રસ્તામાં જે માણસ મળે તેમાંથી એકાદ પણ જો એના તરફ જોઈને જરાક સ્મિત કરે, એ સ્મીત વડે એના અંતરમાં લગીર હુંફ પ્રગટાવે તો મરવાની યોજના પડતી મુકીને પાછા ઘરે જવું. પછી ? મેં પહેલાં જ કીધું છે, 'એક અધુરી વાર્તા વાંચી' હવે એક સવાલ. એ માણસ ઘરેથી નીકળ્યો પછી, રસ્તામાં તમે જ એને સામા મળ્યા હોત તો ? તો બોલો એનું શું થાત ? તમે એને પાછા ફરવાનું કારણ આપી શક્યા હોત ? વિચારી જુઓ.

જીવનમાં આપણા એક સ્મીત, એક પોઝીટીવ એટીટયુડ, એક ઉષ્માભર્યો સ્પર્શ, એકાદ સારી વાત, એકાદ લાગણીભર્યો બોલ, બીજાને જીવવાનો મકસદ આપતાં જાય છે. તો શું આ બધી નાની નાની બાબતોને આપણે આપણા જીવનનો મકસદ ન બનાવી શકીએ ?

ઉપરની અધુરી વાર્તા પુરી કરો, કોકના મનમાં પડેલી ખાલી જગ્યા પુરો, ખડખડાટ હાસ્ટ માટેના ચાર કારણો આપો, 'હું મારા જીવનને માણું છું, જીંદગીને ચાહું છું, પુર્વાપર સંબંધો આપીને સમજાવો, પરીક્ષાની સીઝન આવે છે. આટલી તૈયારી તો કરવી જ પડશે.

**-નિખિલ પરીખ**

# મન સુમન ધરુ હરિ ચરણ....

દર્શન કરવા મંદિરમાં જઈએ ત્યારે નજરથી શું નીહાળશો ? પ્રભુજીનું મુખારવિંદ, પ્રભુજીના શણગાર, તેમના વાઘા કે તેમની પીછોઈ વગેરે વગેરે, પરંતુ તેમના ચરમકલમમાં બેસી તેમના ચરણમાં નમી પડવાનું મન થાય કદાચિત પણ ત્યાં સુધી આપણે જઈ શકીએ નહી. દૂરથી આપણે નમીને દર્શન કરી શકીએ, તે પણ ઘણાથી વાંકા ન વળાય, નીચે ન બેસાય એટલે ઉભા ઉભા દર્શન કરી બે મિનિટમાં બહાર નીકળવાનું હોય, ભીડ પણ કદાચિત ઘણી જ હોય અને સમયની પણ સમસ્યા...

'મન મંદિર તન તુલસી', 'ઘર છે મોરું ગોકુળિયું ને મન છે મારું મંદિરીયું' આમ ઘરનું મંદિર બનાવીએ તો ? 'મન સુમન ધરું હરિ ચરણ' આ શિર્ષક આપણને શું કહી રહ્યું છે ? મનને સુમન બનાવીને પ્રભુના ચરણે ધરવાનું છે. સુમન એટલે નિર્મલ મન, બીજો અર્થ ફૂલ, ફૂલ જેવું સુકોમલ, સુંગધિત અને આકર્ષક એવા રંગે રંગાવાનું છે. આ કોઈ એકને નહી પરંતુ હર જીવંત વ્યક્તિને લાગુ પડે છે અને આ કરવા માટે પ્રથમ આપણે લોભ, મોહને વીસારી દેવાના રહે છે. સંસારમાં રહેલા માયાના પ્રલોભનમાં જીવ દટાયેલા છે. પ્રથમ તેમાંથી આપણે બહાર આવીએ અને કાદવથી ખરડાયેલા સાંસારીક મનને શુદ્ધ કરીએ તો કેવું ?

જન્મ થતાંની સાથે જ આપણને કોઈનું કોઈ સગપણ મળે છે જેમકે બેટો, બેટી, માતા, પિતા, બેન, ભાઈ, સાસુ, સસરા, નણંદ, ભોજાઈ, દીયર, જેઠ વગેરે વગેરે આ બધાં સંબંધોને નિભાવતાં રહીએ છીએ. તેમાંય કદાચિત પ્રેમ વર્ષા તો, કવચિત ચડભડ થતી હોય છે. ક્યારેક આમાં કોઈ વાતને મોટુ સ્વરૂપ અપાઈ જતું હોય છે. કોઈ માતા અને સંતાનોમાં ચડભડ થાય તો કોઈને સાસુ જોડે, તો કોઈને ભાઈ ભાઈ સાથે, તો કોઈને બેનોમાં વિખવાદ આવે છે. આથી આગળ વધીએ તો પતિ પત્નીમાં વિખવાદ આવે છે અને આ બહુ જ નજીકના સંબંધો કહેવાય છે. રથના બે પૈયાં, એક ખોટકાય તો રથ આગળ ન ચાલે. બંધ બારણાની આ સમસ્યા છે. તેમાંય જો મા દીકરાનો પક્ષ લે તો વહુનું તો આવી જ બને ? આવી જ રીતે વહુની માતા તેની દીકરીનો પક્ષ લે તો પણ કંફોડી સ્થિતિ થાય છે. યા તો બેનો એટલે કે નણંદ જો રોલ ભજવે તો જીવનના પૈયાંની ખીલ જ નીકળી જાય અને જે પરિસ્થિતિ આવે તે તમે સમજી જ શકશો કે પૈયાંની ગતિ શું થશે ? એમાંય ઉશ્કેરાયેલા પતિ દેવો જો તાંડવ પ્રહાર પર આવી જાય તો આજના સુસંસ્કૃત સમાજની નારી હીણપત અનુભવે છે, તેનું મન કોમલ તો હોય જ છે અને તે આ સહી શકતી નથી અને વાત ડીર્વોસ પર આવી અટકે છે અને મારું તો માનવું છે કે આ બધી બદીનું મૂળ દારૂ અને એનો નશો જ હોઈ શકે ? બીજું દૂષણ એટલે પર સ્ત્રીનો સંગ કરતાં પુરુષો, ખરેખર સમાજમાં આ બધાં ધિક્કારને પાત્ર છે. આપ ઘરે બેટી અને પર ઘેર વહુ ? મારી બેટી તો નાજુક છે, એને કંઈ કામ કરેલું નથી એ ફૂલોમાં જ ઉછરી છે વગેરે વગેરે, પરંતુ પારકી જણીની પીડા કોણ જાણશે ? વાજેત ગાજતે ખુબ જ ધુમ ધડાકા સાથે વહુ લાવવામાં આવે છે, પણ કંઈક ઘરોમાં કહાની બની રહે છે ?

કોઈમાં પૈસો વેર કરાવે તો ? કોઈમાં જીભમાંથી નીકળેલા અપશબ્દો, કે જેને ગાળ કહી શકાય ? કમાનમાંથી નીકળેલું તીર પાછું ન વળે ? થુંકેલું પાછુ ન

ચટાય તેમ અપશબ્દોની જાળ ન ગુંથાય.

બોલવાથી કાંઈ ન વળે, મનને સુંસસ્કૃત બનાવો, મનને સુમન બનાવો, સુંદર, સુંગધિત, આકર્ષક જે મન સુમન પ્રભુ ચરણે ચઢાવી શકાય. આપણો પુષ્ટિ માર્ગીય સમાજ વધુને વધુ દારૂની પ્યાલીમાં ડુબતો જ જાય છે. કંઈક લેડીઝ પણ પતિદેવોને સાથ આપવા ડ્રીંક્સ લેતી હોય છે. સવારે સેવા અને સાંજના.....

મન તામસી બને છે. મનને સુમન બનાવવાનું છે, પણ ભૂલી આજે તો ઘણા મંદિરમાં પૂજારીઓ પણ આ દૂષણોથી દૂર રહી શકયા નથી? ત્યાં પણ પૈસાનો વ્યપાર. અનેકાનેક બદી સાથે ચાલતો રહે છે. પૈસાની ભૂખ જરૂરીયાત ખરી, પણ મનને લોભી બનાવીને નહી. વળી ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, લીવરની તકલીફ, હાર્ટ એટેક આ બધા રાજરોગ ને નોતરાં દેવાઈ જાય છે. સામે દલીલ તો એવી કે પુરૂષોને ટેન્શન કેટલાં? ઘણાં તો બહારનું પણ ખાય પીએ તો પણ તેઓને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર થાય છે. પરંતુ વિચારવાનું એ છે કે દારૂનાં નશાવાળા લોકોને દુરાચારી દુષણો લાગુ પડી જતાં હોય છે? અને એ દુષણો આવે એમાં નવાઈ પણ નથી. કોકટેલ પાર્ટીઓ લગ્ન જેવા પવિત્ર બંધનમાં પાયાની ઈંટ જેવું જ કામ કરતી હોય છે. ખુબ ખુબ પીઓ, ને ઝુમ ઝુમ કે નાચો, બાપ, બેટા, વહુ, દીકરી, જમાઈ બધાં જ ઝુમતાં લગ્નની પવિત્ર વેદીની સામે કિર્તનીયા રાખે અને સાથે આ કોકટેલ પાર્ટી જે કોન્ટ્રાવર્સીસ લાગે છે.

એક દાખલો બહારની જ્ઞાતિના એક ભાઈ, તેમના વાઈફ ગુજરી ગયા હતા. તેમના ઘરમાં મોટી સેવા. સવારે સેવા અને સાંજના કલબમાં દારૂ પીવાનો. આમ આ ભાઈ અત્યારે લકવાથી પથારીમાંથી ઉઠી પણ શકતા નથી. વોર્ડબોય રાત દિવસનો રાખવો પડે છે. અને દિવસ રાત ઢોર ભાંભરે તેમ આખો વખત રાડા પાડે છે. આવા તો ઘણા આધારભૂત દાખલા જોયા છે. માણસ દિવસે દિવસે લીમીટ મૂકતો જાય છે.

ભક્તિ રસનું અમૃત પેય છોડી, આ પ્યાલીમાં ડૂબકી લગાઈ રીયો છે. અજાણ અંધારી ખીણ છે. એ આ વીસરી જાય છે. તામસી મગજમાં સત્વગુણનો ઓછાંયો નહીવત થતો રહ્યો છે. દુર્ગુણોની ગર્તામાં ધકેલાઈ જાવ એ પહેલાં બહાર આવો અને મનને સુમન બનાવો.

ખુશ્બુથી મહેકતું, કોમલ, આકર્ષક રંગોથી રંગાયેલું મનસુમન પ્રભુના ચરણોમાં ધરી શકીએ એવું પવિત્ર મન રાખો. મનને ટંટોળો, ક્યાં આપણા મનમાં ખોટ છે એ જોઈ મનને સુમન બનાવો. આપણા પદને શોભે, છાજે એવું મન બનાવો, સમાજમાં બનતા બનાવોની છાપ ભૂંસાઈ જાય એવું મન બનાવો, સત્સંગી બનાવો. હોટ ડ્રીકંસ સિવાય પણ જે જે દુષણો મનસુમનનું અવરોધી બનતું હોય તેને દૂર કરો. જીવન બાગમાનું મનસુમન પ્રભુના ચરણે ધરો.

સુંગધિત, કોમલ અને આકર્ષક રંગે રંગાયેલું ફૂલ એટલે મન સુમન. વાણી, વિચાર, વર્તન, લોભ, મોહ અને માયાના આવરણ ચીરી પ્રભુના સત્વરે દર્શન પામો અને મન સુમન પ્રભુના ચરણે ધરી દો. તમારા બાગના સાચાં ફૂલો બાળકોમાં પણ સંસ્કાર રૂપી સુમનો ખીલાવો કે જેથી સમસ્યા સમસ્યા જ ન રહે. આ લેખ વાંચો ત્યારે પણ મનને સુમન બનાવીને જ વાંચજો અને ત્યારે જ આગલા જ્યોતિપૂંજમાં માનસિક શાંતિનું સ્વરૂપ સમજાવ્યું હતું તે તમે માણી શકશો, જાણી શકશો, તો બનાવો મન સુમન અને હરિ ચરણમાં ધરી દો...

*- ઉષા એસ. ધારીયા*

# આળસ

રૂમઝૂમ કરતી આવે. પાલવ લહેરાવતી ચાલે. સારા બદન પર તેનું સામ્રાજ્ય ફેલાવે. જેમ ફેલાતી જાય તેમ આનંદનું મોજું પ્રસરતું જાય, ન જોઈએ તેને આમંત્રણ કે ન ઢૂંઢે તે કોઈ બહાનું.

રવિવારની બપોર હોય પ્રેમે સ્વાદિષ્ટ ભોજન આરોગ્યું. જીભે રસાસ્વાદ માણ્યો તેથી તેનો સળવળાટ શમ્યો. અભિષ્કથી પગની પાની સુધી હાશ અનુભવી આખા બદન પર તેનો આહલાદ માણ્યો. તેનો એટલે કોનો સમજી ગયાને. આળસનો જ તો પછી તો પૂછવું જ શું જ્યાં જગ્યા મળે ત્યાં ૧૮૦°ની સ્થિતિમાં આવી જવું પડે. સોફા હોય કે પલંગ, ફર્શ હોય કે જાજમ, ઓશીકું મળે કે ઢોલિયા કાંઈ ફરક ન પડે. આળસને સાથી નો સંગ ગમે. તેનો સાથી એટલે નિદ્રાંદેવી. બંનેનો સંગમ થાય ને રાસની સમઝટ બોલાવે. સાથે તબલાનાં તાલ વગર મજા ન આવે. ટુંકમાં કહું તો નસકોરાં.

સામાન્ય રીતે વામકુક્ષ અડધા કલાકથી વધારે ન હોય. રવિવારની મિજલસમાં રોજ કરતાં બમણું ઝાપટયું. અંજામ સુખ અનુભવ. ઠોંસીને ખાધું હોય તેથી આળસ આવે અને પ્રમાદ ઘટ ઘાલે, નશો ચઢે. માંડ માંડ આંખ ખૂલે પણ પથારી છોડવાનું મન ન થાય. ફોનની ઘંટડી વાગે તો પણ ઉભા થઈને લેવાનું મન ન થાય. પતિદેવની ફરમાઈશ કે આજે ચહા મળશે કે રજા. ત્યારે ન છૂટકે તીરની જેમ વેણ નિસરે, આજે તમે બનાવો હું લિજ્જત માણીશ.

આળસને ન કોઈની લાજ કે શરમ. ન નાના મોટાની આમન્યા. એમાંય મહેમાન આવી ટપકે તો પથારી છોડી સોફા પર લાંબા પગ કરી અડ્ડો જમાવે. બગાસાં ગણતાંય થાકી જવાય. મહેમાન ભગવાન તો બાજુએ રહી જાય આગતા સ્વાગતા કરવાનું દિલપણ ન થાય. આળસ અને પ્રવૃત્તિને બાપે માર્યા વેર. ઈર્ષ્યા કરે ને કહે શાંતિથી પગવાળીને બેસને તને જોઈને મને થાક લાગે છે. ડેરા તંબૂ તાણેલી આળસની સહેલી નિદ્રાં. પ્રવૃત્તિ સંગેને દુશ્મનાવટમાં સારા નરસાનું ભાન ભૂલે. અને વિસારે પાડે કે મૂરખ મિત્ર કરતાં શાણો દુશ્મન સારો.

જીંદગી પારસ સમ બનાવવી હોય તો આળસ ન કરશો. મનમન પ્રાર્થના કરું છું હે આળસ દેવી તમે મારી નજીક ઢુંકશો નહી.

***હળવે તાલમાં વાગે કાનસ, તોયે ભાગે ન મારી આળસ***
***ઉઠ જાગ તું છે માણસ, પ્રકાશી ઉઠશે જ્ઞાનનું ફાનસ***

***- પ્રવીણ અવિનાશ - લટકારી***

---

## શ્રીનાથજી તારું વદનકમળ

શ્રીનાથજી તારું વદનકમળ જોઈ મન હરખ્યું અતિ
શ્રીનાથજી તારું વદનકમળ જોઈ મન હરખ્યું અતિ
હરખ્યું છે મન મારું હિલોળે ચડયું છે અતિ ....શ્રીનાથજી
નેહા વરસાવતાં નયનકમળ સુછલકતી જ્યોતિ
અતિ મન ભાયે મુને નિરંજન મુખની ક્રાંતિ ....શ્રીનાથજી
રસકિ રસ અધર પરે હાસ્ય સુરખી મીઠી મીઠી
મધુરાં લાગે બોલ તારાં ચાલ તારી ચટકીલી .....શ્રીનાથજી
તારે ચરણ પાદ પંકજ દીઠાં નજરું મારી ઢાળી
મારે હીવરે બિરાજે સાંવરો સલોનો મારો રંગીલો ...શ્રીનાથજી
પલક મોરી લાગે નાહી રૂપ તારું અલગારી
તારા રંગમાં રંગાયું મારું મન મારા અલબેલા ...શ્રીનાથજી
શ્રીનાથજી તારું વદનકમળ જોઈ મન હરખ્યું અતિ

*- ઉષા એસ. ધારીયા*

# અલાસ્કા ક્રૂઝના સહારે દરિયાઈ સફરનો અનોખો અનુભવ

*- ભગેશ ચં. કડકિયા*

*(હપ્તો - ૨)*

***‘‘ભરતી -ઓટે પણ સાગર ગીત સ્થૈર્યના ગાવે;***
***સુખ -દુ:ખમાં મર્કટ બનતું , ચડતું એ ચકરાવે !***
***એ વાત સમજમાં ન આવે’’***

સામે અફાટ સાગર પડયો છે; ક્રૂઝ ચોપાસે હરિયાળી પહાડોના દર્શન કરાવતી, બેટોના સ્વતંત્ર અસ્તિત્વને માન્ય કરતી, પોતાની ચાલે લક્ષ્ય તરફ આગળ ધપી રહી છે. આ સૌન્દર્યમય વાતાવરણ પણ મનની ચકરાવે ચડેલ ગતિને, સાગરના સ્થૈર્યનો અહેસાસ કરાવી સ્થિરતા - શાંતિ આપી શકતું નથી. કેવી વિચિત્ર ઘટના ગણાય ! ઉપર મુજબના ભાવગીતના રટણ સાથે હું મર્કટ મનની લીલા નિહાળતો તંદ્રા - અવસ્થામાં પડયો હતો ત્યાં પ્રભાતના મૃદુ રવિ-રશ્મિએ તેના સ્પર્શથી મને ઢંઢોળ્યો; હું સફાળો જાગી ગયો રોજની આદત પ્રમાણે :-

*‘‘સમુદ્રવસને દેવી, પર્વતસ્તન મંડળે,*
*વિષ્ણુપત્ની નમસ્તુભ્યાં, પાદ-સ્પર્શ ક્ષમસ્વ મે.’’*

એમ વદી સાગરની ક્ષિતિજે નજરે પડતાં સૂર્યનારાયણને નમસ્કાર કર્યા. આજે, ૨૧ જૂનના રોજ, બે દિવસની દરિયાઈ સફર કર્યા બાદ, અમારી ક્રૂઝનો એલાસ્કા-જૂનોના કાંઠે સાત કલાક માટેનો પડાવ હતો. વેન્કુંવર-કેનેડાથી નીકળી એલાસ્કાની ધરતી સાથેનો આજે પ્રથમ પરિચય થવાનો હતો.

‘‘The Great Land-Alakshak’’ પરથી પાડેલું આ ‘‘અલાસ્કા’’, અમેરિકાની છેક ઉત્તરના છેવાડે આવેલું રાજ્ય, જ્યાં ધરતી -સાગરનો સદા સંગમ જળવાતો રહ્યો છે . ઐતિહાસિક રીતે સન ૧૭૦૦ની આસપાસ જગતના ચાર મહાન રાષ્ટ્રોએ - બ્રિટન, રશિયા, ફ્રાન્સ અને યુરોપે -એટલાંટીક મહાસાગર સાથે દરિયાઈ માર્ગની સાંકળદ્વારા પેસિફિક મહાસાગરને જોડી, આ વણખેડાયેલ, વનશ્રી આચ્છાદિત, અલાસ્કાની ભૂમિનો કસ ચૂસી લઈ-ફર, સીલ માછલી અને વન્ય પેદાશોને તાબે કરી, વ્યાપારી ઢબે તેનો પરિચય કરાવ્યો. પણ તેમાં તે વધારે ના ખુંપ્યા. આનો ખરો યશ, તેની ઊજળી બાજુનુ દર્શન , બ્રિટનના બે સાગર-ખેડુઓએ, કેપ્ટન જેમ્સ કૂક તથા કેપ્ટન જ્યોર્જ વેન્કુંવરે, ત્યાં જ રહી, મુળ આદિવાસી પ્રજાને જીતી લઈ, ત્યાં અડ્ડો જમાવ્યો, તે વેળા થયું. તે પછી રશિયાએ તેને સાઈબિરિયા પ્રદેશ સાથે જોડી દીધો. ૧૨૬ વર્ષ સુધી પોતાના તાબામાં રાખી, સન ૧૮૬૭માં, ૭.૨ મિલિયન ડોલરમાં, પાણીના ભાવે, આ પ્રદેશ અમેરિકાને વેચી દીધો. આવો અનેરો છે તેનો ઇતિહાસ. તેની એકંદર વસ્તી આજે ૬,૨૧,૪૦૦ ચો.માં.માં પથરાયેલી છે. તેમાંયે ૩૩,૦૦૦ માઈલનો તો માત્ર દરિયાકાંઠો છે. સન ૧૯૭૭માં ઓઈલની પાઈન નખાતા, અમેરિકાને અહીંથી ૨૫ ટકા ક્રૂડ ઓઈલ મળ્યું. કુદરતી ગેસમાં પણ આ પ્રદેશ મહત્વનો બની રહ્યો. અહીં પહોચવાને માત્ર દરિયાઈ માર્ગ હોઈ, આ ક્રૂઝની સફર ઉત્તમ ગણાય. ગરમીના ચાર મહિના પૂરતી આ અવરજવર. તેમાં જ પ્રવાસીઓ પાસેથી કમાઈ લેવાનું. આમાં સરકારનો સહકાર, પ્રવાસની સુવિધાઓ અને વિશ્વની પ્રજાના ગાંડપણના કારણે વાર્ષિક૮૦૦ બિલિયન ડોલરની કમાણી તેણે કરી આપી અમેરિકાને ન્યાલ કરી દીધું. આ પ્રદેશને ઘેરી વળેલાં બે મોટા જંગલો છે -The Tongass And The

Chugachi. વાસ્તમાં, અમેરિકાની ધરતીનો વીસ ટકા ભાગ માત્ર અલાસ્કા જ ધરાવે છે. અહીંના આકર્ષણ - કેંદ્રોમાં, મધ્યરાત્રીનો સૂર્ય, આવૃત્ત વનપ્રદેશ, તેનાં ચર્ચો, ગ્લેસિયર્સના પહાડો, તેના જવાલામુખી પર્વતો, તેની વિશ્વવિખ્યાત સાલમન ને સીલ માછલીયો તથા કથ્થાઈ ને સફેદ રીંછો, વિધવિધ પક્ષીયો અને ત્યાંની મૂળ પ્રજાની સંસ્કૃતિ વિગેરે છે.

સન ૧૯૦૬માં જૂનો અલાસ્કા પ્રાંતની રાજધાની બની. હરિયાળીથી ઊભરાતું અને ગ્લેસિયર્સથી શોભતું આ નગર, વિસ્તારમાં અમેરિકાનું ત્રીજા નંબરનું શહેર ગણાય. આ બેટ પ્રદેશ હોઈ, અહીં માત્ર દરિયાઈ માર્ગ છે. વિશ્વપ્રવાસીઓના કારણે સુંદર માર્ગો અને શોપીંગ સેન્ટરો -મ્યુઝિયમ ધરાવતું આ નગર પર જવા નીકળ્યા. સૌ શાંતિથી જોઈ શકે એવી બેઠકોવાળી આ નાની કૃઝમાં અમે ગોઠવાયાં દરેકની બેઠક પર દુરબીન રાખેલાં, જેથી વ્હેલના દર્શન સારી રીતે થઈ શકે. આ વિશાલ કદના જળચર પ્રાણીઓ ગરમીમાં શ્વાસ લેવા તથા ખોરાક મેળવવા અવરનવર પાણીની બહાર આવે; તે વેળા આપણે તેના દર્શન કરી શકીએ. આપણે તેની નજદિક હોઈ, તેની ગુલાંટો, રમતો અને ક્યારેક તેના તોફાનો જોવા ભાગ્યશાળી બનીએ. સૌ પ્રવાસીઓના કેમેરા આ ઝડપવા આતુર હોય. ત્રણ કલાકના આ દરિયાઈ કાર્યક્રમમાં અમે અનેક વ્હેલો જોઈ. તે સાથે કિનારાના જંગલોમાં વૃક્ષો પર માળા બાંધી રહેતાં Balded ઈગલ પક્ષીઓને પણ જોયાં.

અમારો બીજો કાર્યક્રમ ગ્લેસિયર્સ જોવાનો હતો. અમે શટલ બસ દ્વારા તે જોવા દરિયાકાંઠે ગયા. સામે જ સાગરની વચમાં વિશાલ શ્વેતરંગી ગ્લેસિયર્સની હારમાળા અડીખમ ઊભેલી નજરે પડતી હતી. હજારો વર્ષોથી ઉત્તર ધ્રૂવની ઠંડીના કારણે પાણી બરફમાં રૂપાંતરિત થતું આવ્યું. તેના પરિણામે તેમાંથી જામેલાં પડળો એક પછી એક તેમાં ઉમેરાતાં ગયાં. જે અંતે આ ગ્લાસિયર્સ રૂપે આપણે જોઈ શકીએ છીએ. ગરમીમાં આ બરફ પીગળતાં ઝરણાંરૂપે તેમાંથી પાણીના વહેણો નીકળે છે, જે અંતે સાગરમાં જઈને મળે છે. કુદરતનું આ અદભુત રૂપ જોઈ મન પ્રફુલ્લિત થઈ ગયું જીવનમાં આવા વિરલ દ્રષ્ય ભાગ્યે જ જોવા મળે. સૌએ અહીં ગ્રુપ ફોટાઓ પડાવ્યા,

આ ટાપુ પર ચારેક સંસ્કૃતિઓનો સુમેળ જોવા મળે છે : ટિનજીત, અથાબાસ્કન ઈન્ડિયન, એસ્કિમો ને એલિયની. તેમની રહેણીકરણી, કળાકારીગરી, તેમના શોખ - નૃત્ય, સંગીત વિ. -આ બધાંનો પરિચય તમે તેમની સાથે હળો-મળો તો જ થાય.

અહીંની માઉન્ટ રોબર્ટ ટ્રામવે, નીચેના ખીણ પ્રદેશમાંથી રોપ વે મારફતે પહાડના શિખર સુધી તમને લઈ જાય. ત્યાંથી ગેલેરીમાં ઊભા રહી તમે ચોપાસે પથરાયેલ જૂનો શહેર જોઈ શકો. તેની ગીફ્ટ - શોપ્સમાંથી તેમની કળાકૃતિઓ, શોવનેર, માહિતીના પુસ્તકો, ફોટો આલ્બમ વિગેરે મળે. જો કે તીર્થે મૂંડન - આ કહેવત બધી ફરવાની જગ્યા માટે લાગુ પડે. આમ છતાં પ્રવાસીઓ અહીંની યાદગીરી સાચવવા અચૂક ખરીદતા હોય છે. જૂનો બેટ પરનો નિર્ધારિત સમય જોતજોતામાં પૂરો થઈ ગયો. રાત્રે સૌ ફરી કૃઝ પર પાછા ફર્યા. ડીનર પતાવી દિવસભરનો થાક ઉતારવા પોતપોતાની કેબિનમાં સૌ ભરાઈ ગયા.

તા. ૨૨ જૂનની સવારે અમારી કૃઝ, સ્કેગવે બંદરે આવી પહોંચી. એલાસ્કાનું આ ઐતિહાસિક નગર ગોલ્ડ ધસારાના સુવર્ણકાળમાં અહીં વસ્તી વીસ હજાર સુધી પહોંચી ગઈ. સોનાની ખાણોએ ૬૦ વર્ષો સુધી આ પ્રદેશને સમૃદ્ધ રાખ્યો. સન ૧૯૦૦માં તૈયાર થયેલ White Pass Scenic Rly . પણ આ કારણે ચાલી.

અહીં ઉતરી અમે પ્રથમ વરાળથી ચાલતી આ બાપુની વિશિષ્ટ પકારની ગાડીમાં બેઠાં. ત્રણ કલાકના રેલ્વે પ્રવાસમાં અમે છેક ખીણથી ૩૦૦૦ ફૂટની ઊંચાઈ પર આવ્યા. ત્યાંના પહાડોની આસપાસ ચકરાવો લેતો અમારો રેલ પ્રવાસ, અમેરીકા-કેનેડાની સરહદો વટાવી, નદી-નાળાં અને ગ્લેસિયર્સના દર્શન કરાવતો, વન-પ્રદેશોને ખૂંદતો છેક શિખર સુધી પહોંચ્યો. અને પછી એજ માર્ગે પાછા ફર્યા. ૧૧૦ માઈલનો આ પ્રવાસ કુદરતી સૌન્દર્યને માણવા માટે પૂરતો હતો. જો કે અહીંની પ્રજામાટે આ વરાળથી ચાલતી રેલ ગાડીનું જબરું આકર્ષણ. વચમાં કોઈ સ્ટેશનો આવતા ના હોઈ કે ન કોઈ કાફેટરિયા, આથી આપણને કંટાળો જરૂર આવે. બપોરે જમી પરવારીને અમે હેલીકોપ્ટર દ્વારા અહીંના ગ્લેસિયર્સને નજદિકથી નિહાળવાનો તથા તેના પર ઊતરી તેની મઝા માણવાનો કાર્યક્રમ ઘડયો હતો. છ બેઠકોવાળા આ હેલીકોપ્ટરમાં ચઢતાં પહેલાં તેની બેઠક-ખંડમાં કેપ્ટન દ્વારા સાવચેતી સૂચવતી બધી સૂચના અપાઈ. પછી સૌને તેમના સ્પેશ્યલ બૂટ આપ્યાં, જે બરફ પર ચાલવામાં ઠીક રહે. કાનમાં ધ્વનીયંત્ર પહેરાવે, જેમાંથી ચાલકની કોમેન્ટરી સાંભળવા મળે. કમર પર સેફ્ટી પટ્ટી બાંધે જે આંચકા ખમી શકે. સૌ પાસે દુરબીન અને કેમેરા તો હોય જ. દોઢ કલાકનો આ હવાઈ પ્રવાસ સાચે જ એક અજાયબી સમો લાગે. પહાડોનો ચકરાવો લેતો, વન-પ્રદેશ પર થઈને, નીચે વહેતી ઠંડી નદીઓના દર્શન કરાવતો આ હેલીકોપ્ટરનો પ્રવાસ અંતે ગ્લેસિયર્સના સપાટ પ્રદેશ પર ઉતારે. શ્વેતરંગની બરફની ચાદરથી ઢંકાયેલા આ સપાટ પ્રદેશ પર ઉતરતાં સૌએ અકથ્ય આનંદ અનુભવ્યો. સાથે આવેલા ગાઈડે આ ગ્લેસિયર્સનો ઈતિહાસ કહ્યો. તેના અલગ નામો ત્યાંની યુનિવર્સિટી પરથી પાડયા છે, તેની જાણ કરી. આ બરફની સપાટી ક્યાંક નરમ તો કોઈ જગ્યાએ કડક જોવા મળી. કોઈ જગ્યાએ વહેણ સાથે પહાડો પરથી શિલા ધસી આવતા, આ સપાટ મેદાનમાં ઊંડા ખાડા પડેલા જોવા મળ્યા. હેલીકોપ્ટરમાંથી નીચે ઉતરી સૌએ તેના પર ચાલવાનો પ્રયાસ કર્યો. કેટલાંકે તેના ગોળા બનાવી એકબીજા પર ફેંક્યા. તો વળી કેટલાંક ગાઈડને વિંટળાઈને તેની પાસેથી આ પ્રદેશની વધુ માહિતી એકઠી કરવામાં પડયાં. ત્યાંનો થોડોક અભ્યાસ કરીને ફરી પાછા સૌ હેલીકોપ્ટરમાં બેઠાં. આ હવાઈ પ્રવાસ મોંઘો હોવા છતાં તેમાં સ્વર્ગીય આનંદ મળતો હોઈ સૌએ તે હસતાં મોંએ સ્વીકારી લીધો. જીવનમાં આ લ્હાવો ક્યારે મળવાનો ? ત્યારબાદ બચેલા સમયમાં સૌ બજારમાં ફરવા નીકળ્યા અને જરૂર લાગી ત્યાં થોડીક ખરીદી પણ કરી. રાત્રે પાછા ક્રૂઝ પર. ડીનર પતાવી સૌ પોતપોતાની કેબિનમાં દિવસભરનો થાક ઉતારવા નિદ્રાદેવીને શરણે ગયા. પછીના દિવસે ક્રૂઝમાં રહીને અમારે ડેક પરથી ગ્લેસયર્સના દર્શન કરવાના હતાં. તેની આનંદ -આપણે આગલા હપ્તામાં જોશું.

આ હપ્તાને સમેટતા પહેલા આપણે ''જળ - ઉપનિષદ'' નો થોડોક મહિમા માણી લઈએ:-

સ્પેનિશ કવિ પાબ્લો નરૂદા પોતાના એક કાવ્ય દ્વારા પૃથ્વી તત્વ અને જળ તત્વનો નિર્દેશ કરે છે. જળ તત્વ આ પૃથવી પર જળરૂપે-નદી, સરોવર ને સાગર સ્વરૂપે-અને આકાશમાં પણ જળ તત્વ છે; અને આપણાં

## ગત અંકમાં સુધારો

**તા. ૧૧.૩.૨૦૫ થી તા. ૧૬.૩.૨૦૦૫ સુધી વાડાસિનોર મુકામે જે સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે તેમાં શ્રી પ્રદયુમનભાઈ શાસ્ત્રીજીને બદલે મહેસાણાવાળાનું શ્રી વ્રજેશભાઈ શાસ્ત્રીના સુપુત્ર બાળયુવાન શ્રી ગીરીરાજ શાસ્ત્રીજી વ્યાસપીઠ ઉપર બીરાજશે.**

આંસુઓ પણ જળ તત્વનું સ્વરૂપ છે. પૃથ્વી પરની પ્રત્યેક વસ્તુ એ જાણે કે સ્થિર છે, એટલે ગતિ વિનાની છે.જળ પાસે ગતિ છે, ભલે દિશા ન હોય. આ ગતિને કારણે જ એની પાસે ઊજળું લાવણ્ય છે, અકલ્પ્ય રંગો છે. રસ્તામાં પથ્થર આવે તો એ પથ્થરો પણ અંતરાય ઊભો નથી કરી શકતા. આથી કવિ રાજેન્દ્ર શાહ કહે છેઃ-

*''વનની લઘુ નિર્ઝરી તણો પથ પાષાણથી વ્યસ્ત કુંઠિત;*
*મૂલનું હતું મૌન તે હવે કલનાદે રમતું અખંડિત.''*

પથ્થરનો કારણે તો જળને ધ્વનિ મળે છે. કાકાસાહેબ કાલેલકરે પોતાની કલમમાંથી નદીની વાતો વહેતી કરી, એ પુસ્તકને ''જીવનલીલા'' આપ્યું, કારણ કે જળનો એક અર્થ જીવન પણ છે. જળની પ્રવૃત્તિ એટલે લીલા અને ક્રિડા. કવિએ અહીંઆ જળના એક જુદા જ રૂપનો નિર્દેશ કર્યો છે; જળનું એ રૂપ એટલે ફીણ. અશ્વ હાંફે ત્યારે એને ફીણ વળે, મરણતોલ દશા તરફ માણસને પણ જે ફીણ વળે છે, એનો સંકેત અહીં કર્યો લાગે છે. કવિતાનું સામર્થ્ય તેમાં રજૂ થતી અનેક રંગોની ઝાંય હોય છે. કેટલાંકના મતે પુરુષ એ પૃથ્વી તત્વ છે અને જળ એ સ્ત્રી તત્વ છે. આવો જળનો મહિમા છે. સાગર સાથે તેનું જળસ્વરૂપ આંખ સામે એ સહજ છે. કવિ જગદીશ જોશી ''જળ આવાસ્યમ'' દ્વારા જળને જુદી જ રીતે જુએ છેઃ-

*''જળમાં જળના ડુંગર ડૂક્યા, જળમાં જળનાં આભ;*
*જળમાં જળનાં જળચર ડૂબ્યાં, જળમાં જળના ગાભ.*
*જળના નાનકડા બે સાગર ટાપુ થઈને કંપે;*
*જળની રમણા થળથળ વ્હૈને, જળમાં જઈને જંપે---''*

આ જળ-વિશ્વને મમળાવતાં આપણે અહીં જ વિરમીએ.

**- ભગેશ ચં. કડકીઆ**

*(ક્રમશઃ)*

## સુનામી ભૂકંપ પિડિતોને ભાવભરી શ્રધ્ધાજંલી

આવ્યો છે એક કાળોત્રો દરિયાઈ ભૂકંપ નામે **સુનામી**
ભરખીને કરી નાંખ્યા કંઈક નામીને **અનામી**
કુદરતના કોપની આ તે કેવી છે **મિજબાની**
ચારેકોર રેલાવી દીધુ તુફાની ઠંડા **પાની**
તો ચાલો ઉઠો તમે રાહ જુઓ છો **શાની**
માનવકાજે સેવા કરવામાં ના કરશો **પાછીપાની**
કોણ જાણે ફરી પાછો ક્યારે ત્રાટકશે આ **સુનામી**
કરી પોતાની મનમાની ફરી કરશે કંઈક નામીને **અનામી**

*- સંકલન*




# ગણિત આંગળીના વેઢે (VEDIC MATHS)




- નિમિષા કીરણ પરીખ

The easier the method you use to solve a problem, the faster you will solve it and there is are less chances of making a mistake. The more complicated method you use, the longer you take to solve it and greater are the chance of making a mistake.

In the vedic system, the work is done mentally. A one line answer results, this is the vedic ideal.

We will learn how to multiply numbers up to 10x10. It is assumed that you know the 2 times table reasonably well.

This is how it works.

We'll take 7x8 as an example.

Since 7 and 8 are close to 10 we shall consider 10 as our base.

7 is 3 below 10 and 8 is 2 below 10 think of it like this.

| | | |
|---|---|---|
| 7 | -3 | 3 below 10 |
| 8 | -2 | 2 below 10 |
| 5 | 6 | |

Now subtract diagonally i.e. either 7 -2 or 8 -3 to get 5. 5 is the left hand side part of the answer. For the right hand side part , multiply the numbers in R.H.S. column. -3 x-2 the product is 6. 6 is the R.H.S. part of the answer. Hence the answer is 56.

In fact, old historical traditions describe this cross subtraction process as having been responsible for the x mark as the sign of multiplication.

Let's take another example 8 x 9

now subtract diagonally 8-1= 7 or 9-2=7 7 is the right side of the answer. Now vertically multiply the two digits in the R.H.S. i.e. -2x -1=2, 2 is the last part of the answer. Hence the answer is 72

| | | |
|---|---|---|
| 8 | -2 | 2 below 10 |
| 9 | -1 | 1 below 10 |
| 7 | 2 | |

Let's take 7 x 7 subtract diagonally 7-3=4 is the right hand side part of the answer. Now vertically multiply -3x-3=9 to get R.H.S. of the answer. Hence the answer. is 49

| | | |
|---|---|---|
| 7 | -3 | 2 below 10 |
| 7 | -3 | 1 below 10 |
| 4 | 9 | |

Lsn't that easy? Here are some problems to try by yourself.

9 x 9, 8 x 8, 7 x 9, 9 x 6, 5 x 9.

This is the basic strategy we will use for almost all of our multiplication.

Isn't this the easiest way to learn your tables? Does this method work for multiplying large numbers?It certainly does.

Let's try an example.

both 96 and 97 are close to 100. you can imagine the sum set out like this.

| | | |
|---|---|---|
| 96 | -4 | 96 is 4 below 100 |
| 97 | -3 | 97 is 3 below 100 |
| 93 | 12 | |

We take away diagonally. 96-3 or 97-4 equals 93. this is the first part of the answer. Vertically multiply the numbers in R.H.S. column to get last part of the answer. i.e. 4x3=12 hence

the answer is 9312.

Right hand side of the answer shall contain the number of digits equal to number of zeros in the base.

Now here are some more problems to do by yourself.

96 x 96, 97 x 95, 95 x 95, 98 x 95.

Let us see how we apply this method to multiply number higher than the base 10. We will use 13 times 14 as an example and use 10 as our base. Imagine the sum like this.

As before we work diagonally.13 + 4 = 17 or 14 + 3 = 17 17 is the first part of the answer. For the last part we multiply the digits in R.H.S. column. 3 times 4 equal to number of zeros in the base. Here we have taken 10 as our base so carry 1 of 12 to the left. Hence the answer is 182. The number to be multiplied are above thr base ,we add diagonally. If the number are below the base taken, we subtract diagonally.

| | | |
|---|---|---|
| 13 | + 3 | 10 plus 3 |
| 14 | + 4 | 10 plus 4 |
| 17 | (1) 2 | |

Now try these problems for yourself.
12 x 15, 13 x 15, 12 x 12, 14 x 14, 16 x 14.

How would you multiply 12 x 12? Let's try it.

| | |
|---|---|
| 12 | + 2 |
| 21 | + 11 |
| 23 | (2) 2 |

There should be only one digit in the R.H.S. part of the answer. so carry the 2 to the left to make 3 in to 5

hence the answer is 252.

Can we use this for multiplying numbers above 100? Yes by all means.

To multiply 106 by 104, we use 100 as our base as the multipliers are above 100.

Arrange the some like this.

| | |
|---|---|
| 106 | + 6 |
| 104 | + 4 |
| 110 | 24 |

add cross way 106 + 4=110 or 104 + 6=110

110 is L.H.S. part of the answer.now multiply the digits in the R.H.S. 6 x 4=24 here there is no carry as the base 100 has 2 zeros.

Try these for yourself.

102 x 114, 103 x 112 x 112, 102 x 125.

With a little practice, you should be to calculate all of these problems without pencil or paper. That is most impressive.

Up until now we have multiplyied number that were both lower than the base or higher than the base. How do we multiply number when


**VEDIC MATHS**

To Learn Vedia Math's a simple
and trick math system for
children of ages 13 and above.






**Batch Starts**
**16 th March 2005**
**Last Date of Registration**
**25 th March 2005**

*Contact :*
**Niyati Kacheria**
**Mobile : 98193 22582**

one number is higher than the base and the other is lower than the base? We will see how this works by multiply 98 x 135.

| | |
|---|---|
| 98 | - 2 |
| 135 | + 35 |
| 133 | 00 |
| | - 70 |
| 132 | 30 |

We will use 100 as our base

2 below the base 100

35 above the base 100

here add or subtract diagonally. 98 + 35=133 or 135 - 2=133. this is first part of the answer. now for the second part multiply the number in R.H.S. column and put it below zeros and total to obtain final answer.

hence the answer is 132 30

take another example.

95x120, take 100 as our base.

ther should be 2 digits in R.H.S. part as the base 100 has 2 zeros.

The answer is 11400.

with a little practice you should be able to solve these problems entirely in head. Practise with the following problems.

98 x 145, 95 x 125, 7 x 12, 9 x 15.

# બબલીને અમેરીકા જવુ છે

(ક્રમાંક - ૭)

❑ *જયંતિ કડકીઆ*

**બાલાસિનોરને વિકસાવવામાં આવે તો સુંદર અરોગ્ય ધામ બની શકે છે.**

બબલીની બહેનપણી અમેરીકાથી આવે પંદર દિવસ થયા અને નાના-નાની પાર્ક તરફથી એક મહિના પછી ગંગા સાગર, કલકત્તા, જગનાથપુરી અને ચંપારણ્ય વિગેર સ્થળે ફરવા જવાનું છે તો તું કહે તો આપણે નામ લખાવી પૈસા ભરી દઈએ.

બબલાએ વિચાર્યું કે તેની બહેનપણીને અમેરીકા જવાના પંદર દિવસ બાકી છે તે દરમિયાન તેની બહેનપણી સાથે અમેરીકા સ્થાયી થવાનું વિચારે એ પહેલા તેના મનમાં વધારે વિચાર ન કરે એ હેતુથી ઉપર મુજબનો કાર્યક્રમ ગોઠવ્યો જેથી બબલી અમેરીકા કાયમી જવાના વિચાર પર બહુ વિચાર કરે નહિ એ હેતુથી તેને આ રસ્તો અપનાવ્યો હતો.

બબલીએ કહ્યું આપણે લગ્ન કરે પંદર વર્ષ થયા. તમે મને આપણું ગામ બાલાસિનોર અને મુંબઈ સિવાય ફરવા લઈ ગયા નથી. એટલું જ ન નહિ પણ મુંબઈમાં તાજમહાલ હોટલ, ઓબેરોય હોટલ તેમજ ટીકુજીની વાડી સુદ્ધા બતાવી નથી અને એકાએક આ વિચાર ક્યાંથી આવ્યો ? બબલીએ આગળ ક્હ્યું કે હું તમને કહી કહીને થાકી ગઈ કે આપણે માથેરાન, મહાબળેશ્વર, પંચગીની, લોનાવાલા ફરવા જઈએ જ્યારે તમારે પૈસા ખરચવાની વાત આવે છે ત્યારે તમને મારી બધી વાત યેનકેન પ્રકારેણ હસી કાઢી નાખો છો, મારી બહેનપણીઓ ઘણીવાર ઉપરોક્ત સ્થળે જાય છે જ્યારે તમારા પૈસા ખરચવાની વાત આવે છે. ત્યારે બહુ વિચાર કરો છો અને આમ એકાએક તમને ફરવા જવાનો વિચાર ક્યાંથી આવ્યો. બબલીએ કહ્યું જ્યારે મે તમને અમેરીકા સ્થાયી થવાનું કહ્યું એટલે મને ખુશ કરવા અથવા મારા વિચારો બદલવા, આ રસ્તો તો નથી કાઢયો ને ?

બબલાએ કહ્યું એમ નથી. મને ઘણી વખત ફરવા જવાની ઈચ્છા હતી, પરંતુ કામમાં રોકાયલો હોવાથી આપણે બહાર જઈ શકતા નથી. હવે મને વિચાર આવે છે કે આપણે હવે બહાર ફરવા જવું જોઈએ.

બબલીએ કહ્યું આપણે અત્યારે રૂપિયા ભરી દો અને ફરવા જઈશું પણ તમે એમ સમજતા હો કે હું મારો વિચાર બદલુ એ રીતે વિચારતા હોવ તો એ વાતમા તથ્ય નથી.

બબલાએ કહ્યું આપણે બન્ને જણ ફરવા જઈશું ત્યારે આપણે અમેરીકાનો વિચાર કરીશું.

બબલીએ કહ્યું તમે સારા પદની નોકરીએ છો. પગાર સારો મળે છતાં પૈસા ખરચવાની વાત આવે ત્યારે મનમાં કચવાવ છો.

બબલાએ કહ્યું તું માગે ત્યારે હું તને પૈસા આપું છું તું સાડીઓ તેમજ દાગીના લાવવા જ્યારે તે પૈસા માંગ્યા ત્યારે મે તને આપ્યાછે.

બબલીએ કહ્યું તેમા તમે શો ઉપકાર કર્યો હું જ્યારે સારા કપડાં અને દાગીના પહેરીની બહાર પ્રસંગોમાં જાઉ છું ત્યારે તમારુ સારું દેખાય છે. લોકો કહે છે તમારી પાસે ઘણો પૈસા છે છતાં પણમુંબઈ બહાર જવાનું થાયછે ત્યારે તમારો જીવ સંકોચાય છે આપણે લગ્ન કરે પંદર વર્ષ થયા. બે બાળકોના માતા પિતા બન્યા. લગ્ન કરીને આપણે જે ફલેટમાં રહેવા આવ્યા હતા. તેમાં પણ  પંદર વર્ષથી કાંઈ ખર્ચ કર્યું નથી. હું ફલેટમાં નવીનકરણ (રીનોવેશન) કરવાનું કહું છું ત્યારે તમે વાત ઉડાવી દો છો.

બબલાએ કહ્યું આપણે ફરીને આવીશુ ત્યારબાદ નવીનકરણ કરીશું. હવે તું કહે તે રીતે ખર્ચ કરીશું. હવે તુ ખુશ.

બાલાસિનોરની ચારેબાજુ ડુંગરની હારમાળા છે

અને આજુબાજુ સુંદર ફરવા સ્થળ છે. ગામના લોકો ખેતીવાડી, ધિરધાર પર જીવતા હતા. ગામ નવાબી હોવાથી તેનો વિકાસ થયો ન હતો. ગામ પછાત હતું અને આજે પણ ગુજરાતમાં બાલાસિનોર તાલુકો પછાત એરિયા તરીકે ઓળખાય છે. તેની આગળ પાછળ ડુંગર હોવાથી વિકાસ થઈ શકે તેમ નથી. ગામમાં કોઈ મોટી ફેકટરી કે કારખાનું નથી. જેથી રોજગાર ઉભા થાય. અહીં હવા સુકી હોવાથી આરોગ્ય માટે સરસ જગ્યા છે. આ ગામને વિકાસાવવમાં આવે તો સુંદર આરોગ્ય ધામ બની શકે એમ છે.

આજથી અંદાજે ૧૦૦ વર્ષ પર રેડીયો પર મુંબઈની જાહોજહાલી સાંભળી. મુંબઈ તરફ આકર્ષિત થઈ બે ત્રણ વાણિક ભાઈઓએ મુંબઈ જવાનું નક્કી કર્યું તે વખતે આજ જેટલી સુવીધા ન હતી. આ ભાઈઓ, ગાડીમાં બેસી આણંદ આવ્યા હતા અને તેમને આખુ ગામ વળાવવા આવ્યું હતું.

અમદાવાદથી મુંબઈ જતી ગાડીમાં મુંબઈ આવ્યા હતા ત્યારે વસઈનો પુલ પણ ન હતો એટલે વસઈ ઉતરી હોડીમાં બેસી દરીયો પાર કરી સામે ગાડીમાં બેસી મુંબઈ આવ્યા હતા. આ ગાડી ત્યાંથી કોલાબા સુધી જતી હતી અને વચ્ચે વચ્ચે જે સ્ટેશન ઉતરવું હોય ત્યાં ઉતરી જતા હતા. આ પ્રવાસ હરવા ફરવા માટે નહિ પણ રોજી રોટી માટે કરવો પડયો હતો. અંદાજે ૭૫ વર્ષ પહેલા બાલાસિનોર સેવાલીયા વચ્ચે બસની શરૂઆત થઈ હતી. બપોરે નીકળી સેવાલીયા થઈ આણંદ સાંજે ૪ વાગે આવતા હતા. અમદાવાદથી ઉપડતી ગાડી આણંદ રાત્રે દસ વાગે આવવાની હતી અને તે ગાડીમાં બેસી લોકો વસઈના પુલ ઉપર થઈને મુંબઈ આવતા હતા.

આજે સુવીધા વધી એટલે મુંબઈ આવવાનું બહુ જ સરળ થઈ પડયું. પહેલા લોકો રોજી રોટી માટે પ્રવાસ કરતા હતા તે વખતે હરવા ફરવા કે મોજશોખનો વિચાર ક્યારે આવતો નહતો. જેવી રીતે આપણે મુંબઈ આવ્યા તેવી રીતે આપણા દેશમાંથી બસો વર્ષ પહેલા રોજીરોટી માટે લોકો વહાણમાં બેસી પરદેશ ગયા હતા. તે લોકો આજે પણ ત્યાં સ્થાયી થયા છે.

આજથી અંદાજે ૫૫ વર્ષ પહેલા આપણા લોકો અમેરીકા ગયા. દિન પ્રતિદિન આપણા લોકોનું અમેરીકા જવાનું પ્રમાણ વધ્યુ અને અમેરીકાથી આવતા લોકો સમુદ્ધ છે તે જાણી આપણો લોકોનુ અમેરીકા જવાનું આકર્ષણ વધ્યું. તેથી બબલીએ પણ અમેરીકા સ્થાયી થવાનો વિચાર આવ્યો અને બબલાને આ વાતની જાણ કરી કારણ કે બબલીની ચાર પાંચ બહેનપણીઓ સ્થાયી થઈ હતી અને તેણી સાથે ટેલીફોન વાત થતી હતી કે અમેરીકામાં કમાવાની સુંદર તક છે અને સુખ અને શાંતી છે.

***(ક્રમશ :)***



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

જાન્યુઆરીની ૮ તારીખે લાડની વાડીમાં 'ઉષાબેન ધારીયા' તરફથી ડેમોનસ્ટ્રેશન રાખવામાં આવ્યું હતું. જેમાં તેઓએ 'ચાઈનીસ થ્રેડ પનીર, મેકસીકન - ફઈતા, ઈટાલીયન - બ્રુશેટો, ઈન્ડીયન રાઈસ પાપડમ રોલ' આ ચાર સ્ટાર્સ શીખવાડયા હતા. ઉપરાંત તેમના તરફથી જ એક વધુ મેકસીકન સ્ટાર્ટર ના ચોસ વીથ ડીપનો રસાસ્વાદ કરાવ્યો હતો. જેનાં ચીઝ ડીપ, સ્પીનેચ ડીપ, રાજમા વીથ આવાકાડો ડીપ અને કરોટ ડીપ ચખાડયા હતા. લોકો વાહવાહના ઉદ્ગાર કહી રહ્યા હતા. સાથે મડંળ તરફથી કોલ્ડડ્રીંક પીરસવામાં આવ્યું હતું. જેમાં ૧૫૭ બહેનોનો સમાવેશ થયો હતો. આટલું બધુ કર્યું હોય એવા ઉષાબેન ધારીયા જેઓ 'સુવિધા કુકરી બુક' ના લેખક જેમણે આપણા સમાજને ભજન તથા ભોજનને પીરસ્યા છે. તેઓએ સાત બુક ભોજનની લખી અને ભજનની એક બુક 'પરબના પાણી' લખી છે. તેમની બુક સુવિધાના નામથી ખ્યાતિ પામેલી છે. ઓસ્ટ્રેલિયા, અમેરિકા, આફ્રિકા, દુબઈ, આબુધાબી અને ઈન્ડીયા બધા જ આ 'સુવિધા' પહોંચી ગઈ છે ઉપરાંત તેઓ આરતી, રંગોળી તથા મૂર્તિઓ બનાવવાનો પણ શોખ ધરાવે છે. તેઓ ૬ થી ૭ વાર ટી.વી. પ્રોગ્રામમાં આવી ચૂક્યા છે. તેઓએ તેમની બુકની આવક દાનમાં જ વાપરી છે. અત્યાર સુધીમાં તેઓએ રૂા. સાડાત્રણ લાખનું દાન પ્રગતિ સમાજ અને મેડીકલમાં આપી ચૂક્યા છે. ઉપરાંત આપણાં જ્યોતીપુંજમાં તેઓના એક લેખ જરૂરથી આપણે વાંચવા મળે જ છે.

બીજું આજે હું રત્ના કડકીઆ 'કન્વીનીયર' ના પદ પર છું તેનો શ્રેય પણ ઉષાબેન (મારી મમ્મી)ને જ જાય છે. જેમના થકી જ હું કમીટીમાં તૈયાર થઈ અને આજે આ મુકામે પહોંચી મારા બે વર્ષ માર્ચમાં પૂરા કરી રહી છું.

મહિલા વિભાગની દરેક બહેનો ઉષાબેનને આ પ્રોગ્રામ આપવા બદલ તેઓનો આભાર માને છે.

## આગામી કાર્યક્રમ

ફેબ્રુઆરીના ૪ તારીખે શુક્રવારે આઉટીંગ 'શાંતિનગર'ની મજા માણ્યા પછી માર્ચ મહિનામાં:

**તારીખ : ૫ માર્ચ શનિવાર**

**સમય : ૩.૩૦ થી ૭**

**સ્થળ :** B.C.A. ગરવારે કલબ S.S.Hall અંતાક્ષરી જેમાં પાચંના ગ્રુપ બનાવી રત્ના કડકીયાને નામ લખાવી શકો છો અને ગ્રુપના બનતું હોય તો અમે બનાવી આપીશું. વહેલો તે પહેલાના ધોરણે નામ જરૂરથી લખાવી શકો છો. ફોન : ૨૩૬૯૨૦૪૨, મો. ૯૮૨૦૧૬૯૯૮૮. રમાડવા માટે પ્રોફેશનલને બોલાવવામાં આવશે. ભાગ લેનાર બહેને રૂા. ૨૫/- ભરવા અને જોવા આવનાર બહેને રૂા. ૨૦/- ભરવા. એન્ટ્રી ફી. જેથી અમને નાસ્તાની ગણતરી રહે. જોવા આવનાર બહેનો કોઈપણ કમીટીની બહેનોને નામ લખાવી શકે છે. આશા રાખું છું મારા આ છેલ્લા પ્રોગ્રામમાં તમારા સાથ અને સહકારની.

❑ *રત્ના કડકીઆ*

# વકીલ મિત્રોની મૈત્રીનો કોલ

૧. જે પણ કોઇ વ્યક્તિને કાયદાકીય સમસ્યા હોય તેઓએ નિખિલ પરીખ (ફોન : ઘર : ૨૩૮૨૨૫૧૦, ઓઃ ૨૪૪૪૯૯૨૯ મો: ૯૮૨૧૩૨૬૪૩૨) નો સંપર્ક કરવો. સમસ્યા જે ક્ષેત્રમાં આવતી હશે એ ક્ષેત્રના વકીલોનો સંપર્ક કરીને મહિનામાં ફક્ત બે વખત મંડળની ઓફિસ અથવા નક્કી કરેલા કોઇ પણ સ્થળે મીટીંગ ગોઠવી આપવામાં આવશે આપની સમસ્યાની સીક્રસી રહે અને ખાનગી વાતની ચર્ચા બીજા કોઇના મોઢે ન થાય એની ખાસ તકેદારી લેવામાં આવશે કારણ કે આ બાબતમાં વિશ્વાસ અને ગોપનીયતા મોટી વસ્તુ હોય છે. મીટીંગ દરમિયાન પણ અન્ય કોઇ વ્યક્તિ હાજર રહેશે નહીં. એક બે અથવા જરૂર પડે તો વધુ વકીલો આપની સમસ્યાનું ચર્ચા દ્વારા નિરાકરણ લાવવા પ્રયત્ન કરશે.

૨. આ વ્યવસ્થામાં વકીલોની જવાબદારી ફક્ત સાચી સલાહ આપવાની તથા યોગ્ય માર્ગદર્શન આપવાની રહેશે. વધુ કાયદાકીય પગલાં માટે આપણા વકીલમિત્રો જવાબદાર રહેશે નહીં.

૩. પત્ર દ્વારા પણ આપ આપની સમસ્યાનો ઉકેલ મેળવી શકશો. સામાન્ય બાબતોના પ્રશ્નોનો ઉત્તર જ્યોતિપુંજ દ્વારા પ્રકાશીત કરવામાં આવશે જેથી બીજા આવી જ સમસ્યાવાળા લોકોને માર્ગદર્શન મળી રહે. આ ઉપરાંત બીજી કેટલીક સામાન્ય બાબતોની ચર્ચા પણ જ્યોતિપુંજ દ્વારા કરવામાં આવશે.

૪. સામાન્ય બાબતો જેવી કે વીલ બનાવવા શું કરવું ? નવી જગ્યા લેવી હોય તો ક્યા કાગળીયા કરવા કે ક્યાં રજીસ્ટ્રેશન કરાવવું જેવી બાબતોની ચર્ચા જ્યોતિપુંજમાં કર્યા પછી આપણી વેબસાઇટ ઉપર મુકવામાં આવશે જેથી ભવિષ્યમાં પણ એનો ઉપયોગ થઇ શકે.

૫. ચર્ચા, સમસ્યા અને નિરાકરણ બને તો અંગ્રેજી અને ગુજરાતી બન્નેમાં આપવામાં આવશે જેથી નવી પેઢી પણ એનો લાભ લઇ શકે.

૬. નાના, મોટાં, યુવાનો વૃધ્ધો, મહિલાઓ કોઇ પણ જાતના આર્થિક બેક ગ્રાઉન્ડ વગર પોતાની સમસ્યા માટે માર્ગદર્શન મેળવી શકશે. આ ઓછી આવક વાળા માટેની રાહત યોજના નથી. કારણ કે લાખો રૂપિયા ખર્ચીને પણ સાચી સલાહ, કોઇ પણ સ્વાર્થ વગર, મેળવી શકાતી નથી અને અહીં આપણા વકીલ મિત્રોની ભાવના મદદરૂપ થવાની, સાચી સેવા કરવાની છે. એટલે પૈસાદાર વર્ગ પણ સેવાનો લાભ લે એ આવકાર્ય છે.

૭. વકીલ મિત્રો પાસે અનેક પ્રકારના કેસો અનેક પ્રકારના લોકો આવતાં હોય છે. આપણે સાંભળી પણ નહોય એવી સમસ્યાઓનું નિરાકરણ તેઓએ કર્યુ હોય છે. માટે તેઓનો અનુભવ આપણને કાઉન્સેલીંગની દ્રષ્ટિએ પણ મદદરૂપ થશે. આપની સમસ્યાઓ માટે કાયદાકીય માર્ગદર્શન તો મળશે જ પણ એક કાઉન્સેલર તરીકે તેઓ એ પણ જોશે કે આપની સમસ્યાનું માનવીય દ્રષ્ટિએ સામાજિક દ્રષ્ટિએ સમજાવટથી સમાધાન થાય કોઇ સંબંધો કાયમ માટે તોડતાં પહેલાં સાચી દ્રષ્ટિએ એને મુલવીને એ સંબંધો સચવાઇ રહે એ દ્રષ્ટિએ આપણને આપણા વકીલ મિત્રો માર્ગદર્શન આપી શકશે.

૮. આપે કોર્ટમાં જવાનો નિર્ણય લઇ લીધો હોય છતાં પણ જેમ ઓપરેશન પહેલાં સેકન્ડ ઓપીનીયન લઇએ એમ આપણા મિત્રોની સલાહ લેવામાં શું વાંધો છે આ મિત્રો તમારું ખરાબ નહીં જ થવા દે અને તમને સાચો રસ્તો બતાડશે પછીનો નિર્ણય તમારો એકલાનો હશે.

વિવિધ સમસ્યાઓ જે આપણા સમાજને લાગેવળગે છે તે છે. ચોરી, હાથાપાઈ, અકસ્માત, વસીયતનામું (વીલ), લગ્ન, છુટાછેડા, પ્રોર્ટીના ઝગડા, નવી મિલકતની ખરીદી વેચાણ, સોસાયટીને લગતી સમસ્યા, રેન્ટ એક્ટ, ધંધાકીય, બેન્કને લગતી સમસ્યા, કામદારોની સમસ્યા, સ્ત્રીની થતી સતામણી વગેરે સમસ્યાઓને આપણે આવરી લેવા પ્રયત્ન કરીશું.

*- શ્રી બાલાસિનોર નવયુવક સંઘ વતી - નિખિલ પરીખ.*

# બાલાસિનોર મેડીકલ સેન્ટર

## શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ

## શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ

## વાડાસિનોરના વતનીઓને મેડીકલ ચેકઅપ માટે સ્પેશીયલ ઓફર

ગર્વનીગ કાઉન્સીલની મીટીંગમાં મળેલા સુચનો અનુસાર કારોબારીની તા. ૨૦ જાન્યુારી ૨૦૦૫ના રોજ મળેલ મીટીંગમાં બાલાસિનોરના વતનીઓને તબિબી ચેકઅપ માટે સ્પેશીયલ કન્સેસન આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

૧) રૂા. ૧૫૦.૦૦ સુધીના ટેસ્ટ પર ૨૦% ટકા વળતર

૨) રૂા. ૧૫૦.૦૦ થી વધુના ટેસ્ ટપર ૧૦% વળતર

આ છુટ માત્ર જે ટેસ્ટ આપણા મેડીકલ સેન્ટરમાં થતા હશે તેમાંજ આપવામાં આવશે.

જે ટેસ્ટ બહાર કરવામાં આવશે તેના પર આ છુટ લાગુ પડશે નહી.

## સેન્ટરનો સમય

**સવારના ૭.૦૦ વાગ્યાથી સાંજના ૭.૦૦ વાગ્યા સુધી**

રીપોર્ટ તેજ દિવસે બપોરના ૩.૦૦ વાગ્યાથી મળશે. (જે ટેસ્ટો આપણે ત્યાં થાય છે તેના)

### મેડીકલ સેન્ટરની પ્રગતિ માટે હાલમાં જ ડૉકટરોની પેનલ બનાવવામાં આવી છે.

૧) ડૉ. અક્ષય દિનકરલાલ શાહ (સેવક) - સુપ્રિટેન્ડન્ટ
૨) ડૉ. રાજેશ રસિકલાલ પરીખ (વલસાડવાળા)
૩) ડૉ. ઘનશ્યામ લલ્લુભાઈ ધારીઆ
૪) ડૉ. રજત પુનમચંદ મોદી

આ પેનલના સુચનો અનુસાર અને ફંડની આવશ્યકતા પ્રમાણે સેન્ટરના ઉત્કર્ષ માટે કાર્ય કરવામાં આવશે.

ડૉ. સરૈયા (ફેમીલી ફીજીસીયન) દરરોજ સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ સુધી તેમની સેવા આપે છે.

### સેન્ટર નીચે જણાવેલા દિવસોમાં બંધ રહેશે.

(૧) પ્રજાસત્તાક દિવસ (૨૬ જાન્યુઆરી) (૨) ધુળેટી (૩) સ્વાતંત્ર દિવસ (૧૫ ઓગસ્ટ)
(૪) બળેવ (રક્ષાબંધન) (૫)જન્માષ્ટમી (૬) આનંદ ચૌદશ (અડધો દિવસ)
(૭) દશેરા (અડધો દિવસ) (૮) દિવાળી (૯) બેસતુવર્ષ (૧૦) ભાઈબીજ (અડધો દિવસ)

બાલાસિનોરવાસિઓને નમ્ર વિનંતી કે જાન્યુઆરીના અંકમાં આપેલ ડૉકટરર્સ પ્રોફાઈલ/પેરા મેડીકલ પ્રોફાઈલ ભરીને મંત્રી શ્રી યોગેશ ધારીઆને મેસર્સ ક્રિસન્ટ ઈલેકટ્રીકલ, બોટાવાલા બીલ્ડીંગ, ગ્રાઉન્ડ ફલોર, ૪૭૫ કાલબાદેવી રોડ, મુંબઈમાં પહોંચાડવા વિનંતી.

એપ્રિલ મહિનામાં ડૉકટરોનું ગેટ ટુ ગેધર રાખવા વિચારણા છે.

*મંત્રી - યોગેશ ધારીઆ - પંકજ ધારીઆ*

# બાલખા ટ્રોફી

"Our Cricket has only one consolation that they had beaten them two out of four on thier way to Crown"

ગુરુવાર ૬.૧.૨૦૦૫ની પ્રભાતે નવયુવકસંઘની ક્રિકેટ ટીમ જ્યારે બાલાસિનોર પહોંચી ત્યારે, બાલાસિનોરની કોલેજનાં પટાંગણમાં, કોલેજમાં હાજર રહેલી ભગિનિઓએ તથા પ્રાધ્યાંપકાઓએ ભેગા મળી સરસ્વતીની પ્રાર્થના કરી, કૉલેજના પ્રિન્સિપાલ શ્રી મુનભાઈ પાઠક, કૉલેજના પ્રાધ્યાપિકો, કૉલેજની ક્રિકેટે ટીમ, બાલાસિનોર ક્રિકેટ સમિતિના પ્રમુખશ્રી મનુભાઈ કડકિયા વતી ભાવભીનું સ્વાગત કરી પ્રભાતના સૂર્યોદયના કિરણો અને બાલાસિનોરની ગુલાબી ઠંડીમાં સમગ્ર વાતાવરણ ખુશનુમા કરી દીધું હતું.

સૌ પ્રથમ ૨૦૦૫ના વરસની એજ દિવસે તા. ૬.૧.૦૫ જનસાથી ગ્રાઉન્ડ ઉપર નવયુવક સંઘની ક્રિકેટ ટીમ કોલેજ ટીમ સામે રમી હતી. ટોસ જીતી કોલેજ ટીમના કેપ્ટન હિમાંશુ શર્મા એ પ્રથમ બેટીંગ લીધી હતી. કૉલેજ ટીમ તરફથી લાલુએ (૩૯) રન અને રફિકે (૩૧) રન નોંધાવ્યા હતાં. નવયુવક સંઘ તરફથી સંદિપ ધારિયાએ (૩૮) રનમાં ૩ વિકેટ લઈ સૌથી સફળ બોલર રહ્યાં હતાં.

કૉલેજની ટીમ ૩૦ ઓવરમાં ૧૪૪ રન બનાવી આઉટ થઈ ગઈ હતી.

ઓપનિંગમાં આવેલ નવયુવક સંઘના ઓપનિંગ બેટસ્મેન શિતેન કડકિયાએ સંભાળપૂર્વક રમવાની શરૂઆત કરી, પરંતુ સામે છેડે આવેલ નવયુવક સંઘના બેટસમેન ટપોટપ આઉટ થયા હતાં.

૭મા ક્રમે આવેલ નવયુવનક સંઘના વિકેટકીપર કિંજલ પી. પરીખે સંભાળપૂર્વક બેટિંગ કરી સિંગલ્સ, બે રન,ચોક્કા વગેરે ફટકારી તેમનું સુંદર બેટિંગનું પ્રદર્શન કરી જવાબદારીપૂર્વક બેટિંગ કરી હતી. તેમણે વ્યક્તિગત (૨૪*) રન કર્યા હતા. શિતેન કડકિયાએ (૪૨) રન ૬ બાઉન્ડ્રી મારી બનાવ્યાં હતાં. ૧૦૮માં ૨ન ૭ વિકેટ ગુમાવનારી નવયુવક સંઘને સન્માનજનક વિજય અપાવવામાં, ૮ મા નંબરે આવેલા, પ્રથમ વખત કેપ્ટન બનતાં, નિરવ જે. દેસાઈએ (૨૫*) રન ચોક્કા અને છક્કાઓ મારી, નવયુવક સંઘને અશક્ય લાગતો વિજય અપાવ્યો હતો. પ્રવાસની પ્રથમ મેચ કૉલેજની ટીમ સામે નવયુવકસંઘની ટીમ જીતી હતી. કૉલેજ ટીમ તરફથી ક્રોન્જીને ૩ વિકેટ મળી હતી. નવયુવક સંઘે ૩૦.૩ ઓવર્સમાં ૧૪૭ રન ૭ વિકેટના ભોગે બનાવ્યા હતા.

તા. ૭.૧.૨૦૦૫ના દિવસે સર્વોદય ટીમ સામે મેચ રમાઈ હતી. જેમાં ટોસ જીતી પ્રથમ બેટિંગ કરતાં સર્વોદય ટીમે ૨૪૬ રન ૯ વિકેટ, ૪૦ ઓવર્સમાં બનાવ્યા હતાં. ઓપનીંગમાં આવેલ હિતેશ પટેલ (૮૬) રન, વિશ્વજીત સોલંકીએ (૬૯) રન અને વિકેટ કીપર વડાલે (૨૫) રન કર્યા હતાં. નવયુવક સંઘ તરફથી સર્વાધિક વિકેટ નવયુવક સંઘના ઓલરાઉન્ડર ક્રિકેટર દિપેન કે. મોદીએ ૮ ઓવરમાં ૪૩ રન આપી ૪ વિકેટ લીધી હતી.

નવયુવક સંઘે ૬ રનમાં ૪ વિકેટ ગુમાવી, બીજી બેટિંગ કરતાં ગુમાવી હતી, અને ૭૪ રનમાં ૮ વિકેટ

ગુમાવી હતી. નવયુવક સંઘના ૮મા ક્રમે આવેલ સમીર આર. દેસાઈ (૨૩) રન, કેપ્ટન નિરવ જે. દેસાઈએ (૨૯) રન, ટીમના સ્પીન બોલર જીગર કે. પરિખેખૂબ જ સુંદર, સ્ટાઈલીશ અને હિંમતપૂર્વક બેટિંગ કરી (૩૪) રન બનાવી, પોતાનામાં રહેલ બેટિંગની ક્ષમતાના દર્શન કરાવી, નવયુવક સંઘના સર્વ ક્રિકેટરોને બતાવી આપ્યું હતું કે તમે કયા ક્રમાંકે બેટિંગ કરવા આવો છો તે મહત્વનું નથી, પરંતુ

"Only fierce compititivness and competitive spirit can bring Victory" સખત પરિશ્રમ, દ્રઢ મનોબળ, વિજય મેળવવાની ધગશ સાથે રમનાર ટીમનો પ્રત્યેક ખેલાડી પોતાની ક્રિકેટ ટીમ માટે વિજય મેળવવામાં સફળતા અપૂર્વ ડી.ધારિયા એ અણનમ (૧૩*) રન કરી પોતાની ટીમ માટે સન્માનજનક ૧૬૩ રન નો નોંધાવવામાં સહાય કરી હતી. નવયુવક સંઘ તરફથી આવેલ છેલ્લા ૪ બેટસમેનોઓ ૯૧ રન નોંધાવ્યા હતા. નવયુવક સંઘની ટીમનો ૩૧મી ઓવરના છેલ્લાં બોલે પરાજય થયો હતો.

શનિવાર તા. ૮.૧.૨૦૫ બાબી ટીમ સામેની મેચમાં નવયુવક સંઘની ટીમના કેપ્ટન નિરવ જે. દેસાઈ એ ટોસ જીતી પ્રથમ બેટિંગ લેવાનો નિર્ણય, જનસાથી ગ્રાઉન્ડ ઉપર કર્યો હતો. નવયુવક સંઘ તરફથી સંઘના શ્રેષ્ઠા ઓલરાઉન્ડર સંદિપ કે. ધારીયાએ (૫૫) રન ૧ બાઉન્ડ્રી અને ૪ છક્કા મારી બનાવ્યાં હતાં. નવયુવક સંઘની ટીમના સર્વ ખેલાડી ૩૯ની ઓવરમાં ૧૯૫ રન બનાવી આઉટ થઈ ગયા હતા. બાબી ટીમના બોલર જાલાએ (૪૫) રન માં ૪ વિકેટ લીધી હતી.

આ મેચમાં નવયુવક સંઘના ઓપનિંગ બેટસમેન શિતેન ડી. કડકિયાએ જ્યારે બાઉન્ડ્રી મારી પોતાના ૯મો રન બનાવ્યો ત્યારે તેમણે પોતાના ૧૦૦૧ રન પૂરા કર્યા હતા. બાબી ટીમના સોએબ પટેલના આ રન ચોથા બોલમાં બ્રાઉન્ડ્રી ફટકારી બનાવ્યાં હતાં. બાબી ટીમ સામે નવયુવક સંઘના કેપ્ટન નિરવ જે. દેસાઈએ ૪૫ રનમાં ૪ વિકેટ લઈ સમીર આર. દેસાઈ, દિપેન કે. મોદી અને જીગર પરિખના બોલિંગ ક્ષેત્રે મેળવેલા સાથ વડે નવયુવક સંઘની ટીમને પ્રવાસનો બીજો વિજય અપાવ્યો હતો. બાબી ટીમ તરફથી, ઝાલાએ ત્રણ સિકસર અને એક બાઉન્ડ્રી સાથે ૪૪ રન બનાવ્યાં હતાં. બાબી ટીમ ૧૬૧ રન બનાવી ૩૪.૪. ઓવર્સમાં આઉટ થઈ જતાં નયયુવક સંઘની ટીમનો ૩૪ રને વિજય થયો હતો.

તા. ૯.૧.૨૦૦૫ રવિવારના દિવસે અંતિમ મેચ જનાસાથી ટુર્નામેન્ટમાં વિજય મેળવનારી પટેલ ટીમ સામે રમાઈ હતી.

પટેલ ટીમના કેપ્ટન ભાવેશ પટેલે ટોસ જીતી પ્રથમ બેટિંગ લીધી હતી. પટેલ ટીમના કેપ્ટને ૬૮ રન ૬ સીકસર અને ત્રણ બાઉન્ડ્રી મારી બનાવ્યાં હતા, જ્યારે જયેશે (૬૪) રન પાંચ સીકસર અને ૪ બાઉન્ડ્રી મારી બનાવ્યાં અને વડાલે (૩૭) રન બનાવ્યાં હતાં. ૪૦ ઓવર્સમાં પટેલ ટીમે ૨૬૨ રન/ ૮ વિકેટ બનાવ્યાં હતાં. નવયુવક સંઘ તરફથી યુવાન મિડિયમ ફાસ્ટ બોલર રૂશિલ કડકિયાએ સુંદર બોલિંગ કરી હતી.

નવયુવક સંઘ તરફથી શિતેન કડકિયાએ ચેમ્પીયનની જેમ રમત રમી હતી. Explosive બેટિંગ કરી (૬૦) રન બનાવ્યાં હતા. જેમાં ૧૦ બાઉન્ડ્રી મારી હતી. નવયુવક સંઘની ટીમ ૨૬ ઓવર્સમાં ૧૨૩ રનમાં આઉટ થઈ ગઈ હતી.

પટેલ ટીમ તરફથી વિશ્વજીત સોલંકી અને વડાલ ત્રણ - ત્રણ વિકેટ લેવામાં સફળ થયા હતાં. નવયુવક સંઘની ટીમનો ૧૩૯ રને કારમો પરાજય થયો હતો.

૨૦૦૫ના વરસમાં ૪ મેચની શ્રૃંખલા ૨ -૨ થી સમકક્ષ રહેતા ટાઈ રહી હતી. આથી લાલખાં ટ્રોફી ગયા વરસની વિજેતા સ્થાનિક ટીમનાં ફાળે ગઈ હતી.

**મેન ઓફ દી મેચ :**

૧) પ્રથમ મેચમાં : નવયુવક સંઘના શિતેન કડકિયા
૨) બીજી મેચમાં : સર્વોદય ટીમનાં હિતેશ પટેલ રન (૮૯)
૩) ત્રીજી મેચમાં : નવયુવક સંઘના સંદિપ કે. ધારિયા રન (૫૫)
૪) અને ચોથી મેચમાં : પટેલ ટીમનાં ભાવશે પટેલ હતા.

મેન ઓફ ધ સિરિઝ બનવાનું બહુમાન નવયુવક સંઘના શિતેન જી. કડકિયાને મળ્યું હતું.

મુંબઈમાં રખાયેલ Fare well Party માં વ્યોમેશ એન. શાહ, તુષાર ધારિયા (બલબલ) સંઘના ક્રિકેટ સેક્રેટરી મિતેષ એન. ધારીયા, તુષાર એસ. પરીખ અને આર્ચિશ જે. મોદી દ્વારા ક્રિકેટરોને પ્રોત્સાહિત કરવા, ગીફટ આપવામાં આવી હતી. નવાબ ઓફ બાલાસિનોર સલાબતખાન બાબીએ તેમના Palace ના ગાર્ડનમાં રાત્રિ ભોજન સમારંભમાં મુંબઈથી ગયેલ સર્વ ક્રિકેટ પ્રેમીઓને આમંત્ર્યા હતાં. સહયોગ બેન્કનાં હોલમાં બાલાસિનોર ક્રિકેટ સમિતના સભ્યો, નવાબ ઓફ બાલાસિનોર, ડૉ. રાકેશભાઈ, ડૉ શિવુભાઈ પટેલ બેન્કના ચેરમેન બાલાસિનોરના પી.એસ.આઈ., ઈરફાન પઠાણના કોચ મ્હેંદી શેકની હાજરીમાં ઈનામ વિતરણ અને રાત્રિ ભોજન સમારંભનું આયોજન કર્યું હતું. અમ્પાયરની સેવા માટે બાલાસિનોરના અમ્પાયરોએ અને નડિયાદથી આવેલ અમ્પાયરોએ સેવા આપી હતી. આ સમગ્ર મેચો દરમ્યાન કોમેન્ટ્રીની વ્યવસ્થા કરવામાં આવી હતી. સંઘની ટીમને ૨ -૨ થી સમકક્ષ રાખવામાં નવયુવક સંઘના મેનેજર તરીકે ભૂતપૂર્વ કેપ્ટન, વિકેટ કીપર, ઓપનિંગ બેટસમેન સંજીવ કે. ધારિયાએ મહત્વનો ફાળો આપ્યો હતો.

વ્યક્તિગતરૂપે નિખિલ પી. દેસાઈ દ્વારા જાહેર કરાયેલ મેન ઓફ ધ મેચ અને મેન ઓફ ધ સિરિઝ બનનાર ક્રિકેટરોને ટ્રોફીઓ આપવામાં આવી હતી.

## વર્ષ ૨૦૦૫માં લાલખા ટ્રોફીની મેચોમાં નવયુવક સંઘની ક્રિકેટ ટીમ :

સંજીવ કે. ધારિયા (મેનેજર)
૧) નિરવ કે. ધારિયા (કેપ્ટન)
૨) રવિશ એમ. દેસાઈ (વાઈસ કેપ્ટન)
૩) સંદિપ કે ધારિયા
૪) કિંજલ પી. પરીખ (વિકેટકિપર)
૫) ચિરાગ જે. દેસાઈ
૬) સમીર આર. દેસાઈ
૭) શ્રમિક જે. શાહ
૮) રિકિત એન. મોદી
૯) દિપેન કે. મોદી
૧૦) શિતેન ડી. કડકીયા
૧૧) અપૂર્વ ડી. ધારિયા
૧૨) અંકિત પી. પરિખ
૧૩) પંકજ કડકિયા
૧૪) જીગર કે. કડકિયા
૧૫) રૂશિલ એમ.કડકિયા
મિતેશ એન. ધારિયા (ક્રિકેટ સેક્રેટરી)

તા. ૨૭.૨.૨૦૦૫ના દિવસે લાલખાં સિંગલ વિકેટ ટ્રોફી અને તા. ૨૦.૩.૨૦૦૫ના દિવસે શ્રી પુનમચંદ બેરા ડબલ વિકેટ ક્રિકેટ ટુર્નામેન્ટ વિલ્સન જીમખાના ગ્રાઉન્ડ મરીન ડ્રાઈવ ખાતે રમાશે. Those who are Intersted please contact Mr. Shailesh O. Parikh & Mitesh N. Dharia

*- મિતેશ અન. ધારીયા*
*ક્રિકેટ સેક્રેટરી*

# ૧૦૦૦ રન પૂરા કરતો શિતેન ડી. કડકિયા

પોતાના ક્રિકેટ જીવનનો પ્રારંભ ૧૯૯૪માં કરનારા શિતેન કડકિયાએ ૭ મા ક્રમે કર્યો હતો, પરંતુ સતત આગળ આવવાની ધગશ, attacking Shots મારવામાં નિપુણ શિતેન કડકિયાએ ૧૯૯૫થી ઓપનીંગમાં આવવાની શરૂઆત કરી હતી. અત્યાર સુધીમાં પોતાનો સર્વાધિક સ્કોર પટેલ ટીમ સામે (૬૦) રન આ વરસે કર્યો હતો. તદુપરાંત તેમને ૨૦૦૧ અને ૨૦૦૨ ના વરસમાં સર્વોદય ટીમ સામે (૫૮) રન બંને વખત નોંધાવ્યા હતાં. Straight Lofted Drive, Square cut shorts અને Extra cover brive shot તેના Favourite shots રહ્યા છે. આ વરસે ૧૦૦૦ રન પૂરા કરી તેણે વ્યક્તિગત નવો કિર્તિમાન સ્થાપિત કર્યો છે. તે મુંબઈમાં રમાતી નવયુવક સંઘની ક્રિકેટ ટુર્નામેન્ટમાં કેપ્ટન બની ચૂક્યો છે. તદુપરાંત મિડિયમ પેસ બોલિંગ પણ કરી જાણે છે. તેઓ average fielder છે. ૧૦૦૦ રન પૂરા કરવા બદલ તેમને અભિનંદન.

## બાલાસિનોર ક્રિકેટ સમિતિ તરફથી શૈલેશ ઓ. પરીખને વિશિષ્ટ પુરસ્કાર

સહયોગ બેન્કના હોલમાં ૯.૧.૨૦૦૫ના દિવસે અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પુરસ્કાર તેમના બાલાસિનોરના ક્રિકેટ માટે ડૉ. રાકેશભાઈના હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો.

# અભિનંદન

☺ ડૉ. રાજેશ પ્રવિણચંદ્ર ધારીઆ Meh Orth (U.K.), FASIF (Germany), MB: MS Orth (Bom.) FCPS Orth (Bom.) DNB Orth (Ind) D' orth (Bom) ઓર્થોપેડીક સર્જનની નિમણુંક સર હરકિશનદાસન નરોત્તમ હોસ્પીટલ ખાતે પણ કરવામાં આવી છે. આ ઉપરાંત તેઓ કોઠારી હોસ્પિટલ, બ્રીચ કેન્ડી, ખંભાલા હીલ હોસ્પીટલ અને બચ્ચા નર્સિંગ હોમમાં સેવા આપી રહેલ છે.

---

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

### ગંતાકનો સુધારો

મંડળને રૂા. ૨,૫૦,૦૦૦/- ના દાનની ઓફર સ્વ. શ્રીમતી ચંદનબેન મણીલાલ ચંદુલાલ પરીખ (અઘોલી)ના પરિવાર તરફથી તેમની સાત દીકરીઓ દ્વારા થઈ છે. હસ્તે : મનહરલાલ ચુનીલાલ કડકીયા મલમ. શરતચુક બદલ દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

- *મંત્રીઓ*

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## અનુકરણીય દાન

સ્વ. કોકીલાબેનના સ્મરણાર્થે શ્રી બાબુલાલ ચંદુલાલ પરીખ (B.C.) તરફથી
રૂા. ૧,૦૦,૦૦૦/- (એક લાખ)નું દાન પ્રાપ્ત થયેલ છે. સંસ્થા દાતાશ્રીનો આભાર માને છે.

## લગ્ન પ્રસંગે મળેલ દાનના વચનોની યાદી

| | | |
|---|---|---|
| ૧) | રૂા. ૧૦૦,૦૦૦ (એક લાખ) | : શ્રીમતી શાંતાબેન જમનાદાસ ગાંધીના સુપુત્ર શિશિરના ચિ. એરિકના લગ્ન પ્રસંગે |
| ૨) | રૂા. ૧૦૦,૦૦૦ (એક લાખ) | : શ્રી વૃજેશ નવનીતલાલ દેસાઈના સુપુત્ર તન્મયના લગ્ન પ્રસંગે |
| ૩) | રૂા. ૧૦૦,૦૦૦ (એક લાખ) | : સ્વ. નટવરલાલ ચંદુલાલ કડકીયા (પૂના)ના સુપુત્ર સુજીતની દીકરી અમીના લગ્ન પ્રસંગે |
| ૪) | રૂા. ૧૦૦,૦૦૦ (એક લાખ) | : શ્રી પ્રકાશ મણીલાલ મોદી (ચેપ)ની સુપુત્રી શીતલના લગ્ન પ્રસંગે |
| ૫) | રૂા. ૧૦૦,૦૦૦ (એક લાખ) | : શ્રી રોહીત રમણલાલ કડકીયા (મલમ)ની સુપુત્રી સલોમીના લગ્ન પ્રસંગે |
| ૬) | રૂા. ૫૫,૦૦૦ (પંચાવન હજાર) | : શ્રી સતીષ કાન્તીલાલ મોદી (દેવ)ની સુપુત્રી સંજનાના લગ્ન પ્રસંગે |
| ૭) | રૂા. ૩૧,૦૦૦ (એકત્રીસ હજાર) | : શ્રી ભુપેન્દ્ર રસીકલાલ પરીખ (લાકડાવાળા)ના સુપુત્ર આષિશના લગ્ન પ્રસંગે |

*- કન્વેનટ ભંડોળ સમિતિ*

---

## દ્રષ્ટિ

દ્રષ્ટિ બદલીને જો જરા, મારગડો પથરાયો સામે
સરળતા જીવનમાં વણે, તો સંયમ પથ દર્શાવે
ઉદ્વેગ કર્યે શું પામવાનો, ધણીનું ધાર્યું નવ ટળે
ઉગે આથમે નભે સૂરજ, તેની ગતિમાં ફરક ન પડે
પર્વત પરથી પડતું મૂકતું,વગડે ઝરણું ખળ ખળ વહેતું
સાગરની બાહોમાં જઈ શમે, ચંચળતાનું શમણું જઈ વિરમે
વાણી વિલાસી હોય કે, મધુરી મીઠી રણકતી
તીર લક્ષ્ય પર જઈ ઠરે, હૈયું હેતે ઉભરે
નિર્મળ યા મલિન દ્રષ્ટિ, નિત્ય નવીન સુંદર સૃષ્ટિ
અમીની તું કર વૃષ્ટિ, જીવનમાં લહેરાશે પુષ્ટિ

**પશ્ચાતાપનાં આંસુને પિછાનો**
**હૃદયના સૂરને રેલાવો**

*- પ્રવિણા અવિનાશ લટકારી*

## એકલતા

એકલા દીલના તારને ના કોઈ છેડે,
બંધ નદીના નીર તુટી પડશે
છે કોઈમાં હિંમત એને રોકી શકે ?
હું ઉભો આયના સામે મુજને જોતો
મુજને ભાસે મારું જ પ્રતિબિંબ અનેકો
કારણ, મારી પાછળ બીજો આયનો ઉભો !
ખરેખર, હું બંધ ઓરડામાં મુંઝાઈ ગયો
હવે મને મારો ડર લાગી રહ્યો
કારણ, હું એકલો ને મારા પ્રતિબિંબો !
દીવાનો પ્રકાશ મને ભરખી રહ્યો,
બંધ કરી સ્વીચ, અંધકાર છવાઈ ગયો
હાશ, એકલતાના એ વિષને વાગોળતો રહ્યો !
હું ને મારી 'એકલતા'
અટવાઈ ગયેલો હુંને,
હું જ મારામાં સમાઈ ગયો !

*'ચાંદશા' ચંદ્રકાંત શાહ (ચટઈ)*

# Donate Generously - BALASINOR VIDYA MANDAL conducts ARTS & COMMERCE COLLEGE At Balasinor

**(Tel No. 267051)**

i) Registered with the Charity Commissioner having registration no. Kheda/F/115 Dtd :21/06/68
ii) Registered with the Registrar of societies vide its registration no Gujarat/212/Kheda Dtd :21/06/68.

| | | |
|---|---|---|
| **The college campus Area** | : | 7 Acre & 37 Gunthas |
| **Constructed Area** | : | 3479.52 Sq. Mtr. |

**The campus area of the college consists of :-**

| | | **Area Sq. Mtr.** |
|---|---|---|
| 1) | Main Building | 1161.38 |
| 2) | S.K. Patel Hall (Auditorium-400 seats) | 656.66 |
| 3) | Hostel Building (Two wings) | 526.63 |
| 4) | Mess Room | 350.00 |
| 5) | Kitchen Room | 25.53 |
| 6) | Quarters | 409.09 |
| 7) | Principal's Bunglow | 216.50 |
| 8) | New U.G.C. Building | 133.73 |
| | **TOTAL** | **3479.52** |

**Total number of Members consist of :**

| | | | |
|---|---|---|---|
| 1) | Life Members | : | 348 |
| 2) | Students | : | 2418 |
| 3) | Professors | : | 26 |
| 4) | Admn. Staff | : | 10 |
| 5) | Peon | : | 9 |

| **Academic Report 2004 Results** | | **U.G.Students 2004-05** | | | **P.G. Students 2004-05** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | **1st term** | **2nd term** | | **1st term** | **2nd term** |
| FY BA -63.34% | FY B Com.-80% | FY BA - | 701 | 615 | MA | | |
| SY BA -72.88% | SY B Com.58% | SY BA - | 397 | 321 | Part- I - | 516 | 502 |
| TY BA -53% | TY B Com.50% | TY BA - | 312 | 285 | Part- I - | 213 | 208 |
| MA Part I -32.40% | | FY B Com.- | 59 | 53 | | | |
| MA Part I -47.13% | | SY B Com.- | 43 | 38 | M Com. | | |
| | | TY B Com.- | 39 | 38 | Part -I - | 38 | 31 |
| | | **Total** | **1551** | **1350** | **Total** | **867** | **741** |

MA with FIVE Subjects : Gujarati, Hindi, English, Sanskrit & History & Economics (one subject)

M Com. with ONE Subject : Costing.

**"GOVERNMENT GRANTS NOT SUFFICIENT, DONATE GENEROUSLY FOR THE CAUSE OF SOCIAL MISSION"**

# કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ

**(૧) શ્રી નવીનચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) પોલીયો અને કૃત્રિમ હાથ-પગ કેમ્પ:** બાલાસિનોર ખાતે કે. એમ. જી. જનરલ હોસ્પિટલમાં તારીખ-૦૧-૦૧-૨૦૦૫ના રોજ રાખવામાં આવેલ પોલીયો નિદાન તથા ઓપરેશન કેમ્પમાં ડૉ.મનિષભાઈ આર. શાહ (ઓર્થો સર્જન) એ કુલ ૨૧ દર્દીઓ તપાસેલા તે પૈકી ૦૮ દર્દીઓનાં ઓપરેશન તા. ૨૧-૧-૦૫ના રોજ કરવામાં આવશે. પોલીયો કેમ્પના સ્પોન્સર દાતા થઈને દાતાશ્રીઓએ રૂા. ૭૫૦૦૧-નું દાન આપવા વિનંતી છે.

જયપુર ફુટ કેમ્પમાં ચાલુવર્ષે કુલ-૨૪ દર્દીઓનાં માપ લેવામાં આવેલ છે. દાતાશ્રીઓને જયપુર ફુટ કેમ્પ ના સ્પોન્સર દાતા થઈને રૂા. ૩૦૦૦/- અંકે રૂપિયા ત્રણ હજારનું દાન આપવા વિનંતી છે.

**(૨) શ્રી પૂનમચંદ છોટાલાલ દેસાઈ (વકીલ) નેત્રયજ્ઞ વિભાગ**માં ચાલુ વર્ષે સહયોગી દાતા શ્રી સુરેશચંદ્ર ચીમનલાલ મોદી (ઠાસરાવાળા) હ. ઉષાબેન દ્વારા તારીખ:૨૪-૧૧-૨૦૦૪ થી દર બુધવારે દશ-દશ ઓપરેશનોનો કેમ્પ ચાલુ કરેલ છે. તેમાં તા. ૨૪-૧૧-૦૪થી તા. ૧૨-૧-૦૫ દરમ્યાન કુલ-૯૨ ઓપરેશનો કરવામાં આવેલ છે. તે પૈકી ૮૯ નેત્રમણિ, ૦૧ સાદો મોતિયો તથા ૦૨ વેલનાં ઓપરેશનો કરવામાં આવશે. આ કેમ્પ હાલ ચાલુ છે. જે માર્ચ-૨૦૦૫ સુધી ચાલુ રહેશે.

આ કેમ્પમાં ઓપરેશન કરાવનાર દર્દીને ગરમ બ્લેંકટે, કાળાચશ્મા, દવાઓ મફત આપવામાં આવે છે. તેમજ દર્દીને તથા દર્દી સાથના એક સગાને મફત ભોજન આપવામાં આવે છે. દર્દીઓને ગરમ બ્લેંકેટ શ્રી કીરણકુમાર બાબુભાઈ દોશી રાહત ફંડમાંથી અને શ્રી અભ્યુદ્ય ટ્રસ્ટના સહયોગથી વિતરણ કરવામાં આવે છે.

**(૩) હાર્ટકેમ્પ:** દર વર્ષની જેમ ચાલુવર્ષે હૃદયના રોગોનો કેમ્પ આગામી તારીખઃ ૨૯-૦૧-૨૦૦૫ ના રોજ રાખવામાં આવેલ છે. આ કેમ્પમાં ડૉ. ભૂપેશ ડી. શાહ (કાર્ડીયાકસર્જન) તથા ડૉ. તરૂણ દવે ડી.એમ. (કાર્ડીયોલોજીસ્ટ) તથા ડૉ. યોગેશ ગુપ્તા એમ. ડી. (મેડીસીન) ઈકો કાર્ડીયોગ્રાફી અંગે સવો આપશે.

આ કેમ્પમાં નિદાન કરાવનાર દર્દીને જરૂર પડે એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી. બાયપાસ સર્જરી તથા વાલ્વ બદલવાની સર્જરી કાર્ડીયાક સર્જન મારફત રાહત દરે કરવામાં આવશે.

**(૪) મફત ચશ્મા શિબિર :** હોસ્પિટલમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ મફત ચશ્મા શિબિરનુ ંઆયોજન કરવામાં આવેલ છે. મુંબઈના મેસર્સ કે. મનોહર એન્ડ કાું. ના સહકારથી આગામી તારીખ : તા. ૧૩ માર્ચ ૦૫ના રોજ ગધાવાડા ગામે કરવામાં આવેલ છે. આ કેમ્પમાં આંખના નિષ્ણાત ડૉકટર દ્વારા આંખ તપાસી નંબર કાઢી આપવામાં આવશે અને મફત ચશ્મા આપવામાં આવશે.

**(૫) સ્ત્રી રોગ નિદાન તથા ઓપરેશન કેમ્પ:** હોસ્પિટલમાં આ અંગેનો કેમ્પ આગામી તારીખઃ ૪,૫ અને ૬ માર્ચ. ૨૦૦૫ ના રોજ રાખવામાં આવેલ છે. આ કેમ્પમાં હોસ્પિટલના ડૉ. દર્શિનીબેન શાહ (એમ.ડી.ગાયનેક) તથા મુંબઈના ડૉ. અનિતા સોની (એમ.ડી.ગાયનેક) સેવા આપશે. આ કેમ્પમાં ગર્ભાશયની કોથળી કાઢવાનું, નીચેથી કોથળી કાઢવાનું, સીઝેરીયન (ઉપરથી બાળક લેવાનું) ઓપરેશન કરવામાં આવશે.

આ કેમ્પના સ્પોન્સર દાતા બનીને રૂા. ૩,૦૦૦/- અંકે રૂપિયા ત્રણ હજારનું દાન આપવા વિનંતી છે.

**કુટુંબ કલ્યાણ (સ્ત્રી વ્યંધિકરણ-શસ્ત્રક્રિયા) ઓપરેશન કેમ્પ:** હોસ્પિટલમાં કુટુંબકલ્યાણ (સ્ત્રી-વ્યંધિકરણ-શસ્ત્રક્રિયા)નાં ઓપરેશનો અંગેનાં તમામ ઓપરેશનો એક્સરે, દવાઓ, તથા લેબોરેટરી મફત

કરવામાં આવશે. આ ઓપરેશનો હોસ્પિટલના ગાયનકે ડૉ. દર્શિનીબેન બી. શાહ (એમ.ડી.ગાયનેક) તથા ડૉ. અનિતા સોની (એમ.ડી. ગાયનેક) કરશે. આ અંગે દર્દીને મફત ભોજન પણ આપવામાં આવે છે.

હોસ્પિટલમાં સોનોગ્રાફી અંગેનો એક કેમ્પ રાખવામાં આવેલ છે. આ કેમ્પમાં મુંબઈના ડૉ. અભિજીત સોની (એમ.ડી.સોનોલોજીસ્ટ એન્ડ રેડીયોલોજીસ્ટ) સેવાઓ આપશે. આ કેમ્પમાં તમામ પ્રકારની સોનોગ્રાફી મફત કરી આપવામાં આવશે. આ કેમ્પ પણ આગામી તા. ૪, ૫ અને ૬ માર્ચ ૨૦૦૫ના રોજ રાખવામાં આવેલો છે.

## કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ

ઓપરેશન મિતિ યોજના જ્યોતિપૂંજમાં ગત અંકમાં આપેલ જાહેરાતના પ્રતિસાદ રૂપે નીચે મુજબના દાતાઓ તરફથી મિતિના વચન મળ્યા છે. સંસ્થા તેમનો હાર્દિક આભાર માને છે.

| | |
|---|---|
| સ્વ. નવનીતલાલ સાંકરલાલ દેસાઈ | ૭,૫૦૦ |
| સદગુણબેન નવનીતલાલ દેસાઈ | ૭,૫૦૦ |
| વૃજેશ નવનીતલાલ દેસાઈ | ૭,૫૦૦ |
| શાંતીલાલ છોટાલાલ કડકિયા પરિવાર | ૭,૫૦૦ |
| તારાબેન શાંતીલાલ કડકીયાના પરિવાર | ૭,૫૦૦ |
| લીલાબેન બાબુલાલ કચેરીયા | ૭,૫૦૦ |

***મંત્રીઓ - કે.એમ.જી હોસ્પિટલ ટ્રસ્ટ***

**શ્રી પ્રવિણચંદ્ર લલ્લુભાઈ કચેરીયા તરફથી હોસ્પિટલને પંખા માટે રૂા. ૧૧,૦૦૦/-નું દાન પ્રાપ્ત થયેલ છે.**

સંસ્થા દાતાશ્રીનો હાર્દિક આભાર માને છે.

# શ્રી બાલાસિનોર સેવા સમાજ

**આર્યુવેદિક નિદાન તથા સારવાર કેમ્પ -** બાલાસિનોર સેવા સમાજ સ્થાપિત કે.કે. મહેતા આર્યુવેદીક ઔષધાયલ મારફતે આગામી તારીખ ૨૦.૩.૨૦૦૫ના રોજ એક નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં ઔષધાયલના અનુભવી વૈદ્યરાજ શ્રી રાજેશભાઈ ક્ષોત્રીય આર્યુવેદીક પદ્ધતિથી દરેક જાતના રોગનું નિદાન તથા સારવાર કરશે. ૭ (સાત) દિવસની મફત દવા આપવામાં આવશે. આ કેમ્પ બાલાસિનોર તાલુકાના જેઠોલી ગામે યોજવાનું નકકી કરવામાં આવેલ છે. જેઠોલી ગામે શ્રી એલ.કે. આર. પટેલ સાર્વજનિક હાઈસ્કુલ અને શ્રી સી.એલ.શાહ હાયર સેકન્ડરી સ્કૂલમાં આ કેમ્પ યોજવાનું નક્કી કરવામાં આવેલ છે.

***- મંત્રીઓ***

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ

સહર્ષ જણાવવાનું કે ઉપયુક્ત મંડળને ચાલુ માસ દરમ્યાન નીચે મુજબ પ્રાસંગિક દાન વચન મળ્યા છે.

૧) શ્રી રોહીત રમણલાલ કડકીઆ (મલમ) તરફથી તેમની સુપુત્રી ચિ. સલૌમીના શુભલગ્ન નિમિત્તે રૂા. ૧૦૦,૦૦૦/-નું દાનવચન મળેલ છે.

૨) મણીબેન વલ્લભદાસ ગાંધી - ન્યાસફંડ પેટે રૂા. ૫૧,૦૦૦/- તેમના પૌત્ર શ્રી હિતેષ ગાંધી તરફથી મળેલ છે.

૩) 'સ્વૈચ્છિક શૈક્ષણિક સહાય યોજના' હેઠળ શ્રીમતી લીલાબેન બાબુલાલ કચેરીયા તરફથી રૂા. ૫,૦૦૦/-ની રકમ પ્રાપ્ત થયેલ છે.

મંડળના સર્વે કાર્યકર્તાઓ તેમજ ટ્રસ્ટીઓ દાતાનો હાર્દિક આભાર માને છે.

***અસીત રમેશચંદ્ર દેસાઈ, કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)***
***માનદ મંત્રી***

શ્રી ગોકુલેશો જયતિ

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

**બાલાસિનોરના દશાનિમા વૈષ્ણવો માટે**

## આમંત્રણ પત્રિકા

દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ ઉપરોક્ત સમાજના નેજા હેઠળ શ્રી ફગવા ઉત્સવ તથા શ્રી ફગવા મનોરથ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

**તા. ૧૨.૩.૨૦૫ને શનીવારે લાડની વાડી, સી.પી.ટેન્ક, મુંબઈ - ૨ મુકામે આ ઉત્સવ ઉજવવામાં આવશે.**

**આ ફગવા ઉત્સવના મનોરથી શ્રીયુત કાંતિલાલ લાલચંદ દોશી તથા અ.સૌ. શાંતાબેન કાંતિલાલ દોશી છે.**

## કાર્યક્રમ

૧) તા. ૧૨.૩.૨૦૦૫ને રવિવારે બપોરે ૪.૦૦ વાગે મનોરથીના નિવાસસ્થાન, ગિરિછાયા, લોયલકા કમ્પાઉન્ડ, ચોપાટી બેંડ સ્ટેન્ડ, મુંબઈ - ૪૦૦ ૦૦૭ મુકામે સમાજ બેસસે,

૨) તે જ દિવસે સાંજે ૫.૩૦ કલાકે સત્સંગ મંડળની રૂમ, અમૃત વાડી, વી.પી.રોડ, મુંબઈ- ૪૦૦ ૦૦૪ થી કળશનો વરઘોડો નીકળી લાડની વાડીમાં જશે. ત્યાં ઠાકોરજીના રસિયા વિગેરે થશે.,

૩) સાંજે ૭.૦૦ કલાકે મનોરથીનું તથા તેમા કુટુંબીજનોનું સન્માન કરવામાં આવશે. આ શુભ પ્રસંગે સર્વેને પધારવા વિનંતિ છે.

## ફગવા મનોરથ

તેજ દિવસે તેજ સ્થળે સાજેં ૭.૦૦ કલાકે શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજના નેજા હેઠળ ફગવા મનોરથ (પ્રસાદ લેવા) નું પણ આયોજન કરવામાં આવ્યું છે.

તદનુસાર બાલાસિનોર સમસ્ત દશા નિમા વૈષ્ણવોને સહકુટુંબ, સપરિવાર આ પ્રસંગે પ્રસાદ લેવાનું અમારું ભાવભીનું આમંત્રણ છે.

આવા પાવનકારી અવસરે આપ સર્વેને ફરી ફરીને વિનંતી કરીએ છીએ કે આપ સર્વે પ્રસાદ લેવા અવશ્ય પધારી પ્રસંગને દીપાવશો. એજ વિનંતી.

***મંત્રી - નવનીતલાલ સી. પરીખ (સરકાર)***

# વાડાસિનોરના વર્તમાન.....

☺ લાયન્સ કલબ દ્વારા માનસિક રોગો માટે લાંબાગાળાનો નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ ઉપરાંત નાક, કાન, ગળાના રોગોનો નિદાન કેમ્પ પણ યોજાઈ ગયો. આ બંન્ને કેમ્પમાં સારી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.

☺ બાલાસિનોર નગરપાલિકાના નવાં મહિલા પ્રમુખ તરીકે કૉંગ્રેસનાં ચંદ્રિકાબહેન ચૌહાણ સર્વાનુમતે ચુંટાઈ આવ્યા છે.

☺ ઓચ્છવલાલ શેઠ હાઈસ્કૂલ ધો. ૧૦ - કના વિદ્યાર્થી મનુભાઈ એ. ભરવાડ ૮૦૦ મીટર દોડમાં જિલ્લા કક્ષાએ પ્રથમ વિજેતા બનતાં રાજ્ય કક્ષાએ ભાગ લેવા જશે.

☺ સર્વશિક્ષા અભિયાન કાર્યક્રમ અંતર્ગત અલી 'ચાઈલ્ડ એજ્યુકેશન' ના સંચાલિકા બહેનોનો તાલીમ વર્ગ બખલિવાલા વિદ્યામંદિર બ્રાન્ચ શાળા-૨ બાલાસિનોર ખાતે યોજાઈ ગયો.

☺ જાન્યુઆરી ૨૦૦૫ થી અમલમાં આવે તે રીતે તમામ રાજ્યો માટે મધ્યાહન ભોજન યોજના ફરજિયાત બનાવતો ચુકાદો આદેશ સર્વોચ્ચ અદાલતે આપ્યો છે. આ આદેશાનુસાર ધો. ૫ સુધીના વિદ્યાર્થીઓને રાંધેલુ ભોજન આપવાનું રહેશે. આ યોજનાનો ૫૩ ટકા ખર્ચ કેન્દ્ર સરકાર આપશે.

☺ સલિયાવડી દરવાજા વિસ્તારમાં આવેલા સ્વામીનારાયણ મંદિરે તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું. આ દરમ્યાન ભજન, રાસ-ગરબા અને સત્સંગ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. શ્રી કૃષ્ણજીની શોભાયાત્રા જૂની પોસ્ટ ઓફિસ પાસેથી શ્રી નરેન્દ્રભાઈ તથા શ્રી પ્રકાશભાઈના નિવાસસ્થાનેથી નીકળી હતી.

☺ બાલાસિનોર કૉલેજના એન.એસ.એસ. વિભાગનો વાર્ષિક શિબિર પરબિયા (તા. ઠાસરા) ખાતે યોજવામાં આવ્યો હતો. ચાલુ વર્ષની ગુજરાત યુનિવર્સિટીએ બહેનો માટે સો -૧૦૦ બહેનોનું એક વધુ યુનિટ મંજૂર કર્યું છે. જેના સંચાલનની જવાબદારી ડૉ. જાગૃતિ જોષીને સોંપવામાં આવ્યાની માહિતી આચાર્યશ્રી મનુભાઈ પાઠકે આપી હતી.

☺ બી.એસ.એન. એલ.ના ટાવરો તૈયાર હોવા છતાં નગર બાલસિનોર અને આસપાસના વિસ્તારના ટેલીફોન ગ્રાહકોને મોબાઈલ સેવાનો લાભ મળતો નથી તેવી ફરિયાદ પ્રજાજનો કરી રહ્યાં છે! આ બાબતે એસ.ડી.ઓ.ટી. પટેલે નજીકના ભવિષ્યમાં મોબાઈલ સેવા મળવા અંગે હૈયાધારણ આપી છે.

☺ તાલુકાના પાંડવા ગામના નાગરિકોને ટેલીફોન અંગેની સમસ્યાઓ સતત વધતી જતી હોવા છતાં અહીં નડતી અગવડતાઓ દૂર કરવામાં નહીં આવતી હોવાના કારણે ગ્રાહકોને પારાવાર હેરાનગતિ વેઠવી પડે છે.

*'દિવ્ય ભાસ્કર' ૧૨મી ડીસેમ્બરના સમાચાર મુજબ)*

☺ બાલાસિનોરમાં જમીન એન.એ.નહીં થતાં ખાતમુહૂર્ત કર્યા વગર જ યુવા-સાંસ્કૃતિક અને રમતગમત મંત્રીશ્રી સુનીલ દત્તને ભૂમિપૂજન કર્યા વગર પાછા ફરવું પડયું હતું. નિર્માણ પામનારી રિલાયેબલ હૉસ્પીટલની જમીન માટે એન.એ. મંજૂરી ના મળવાથી આમ બનવા પામ્યું. ત્યારબાદ ભૂમિપૂજનનો કાર્યક્રમ સારી રીતે સંપન્ન થયાની બાતમી મળી છે.

☺ કે.એમ.જી. હૉસ્પિટલમાં તા. ૭.૧.૨૦૦૫ના દિને પોલિયો નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે. ડૉકટરો મનીષભાઈ શાહ, રાજેન્દ્રભાઈ સી. પટેલ અને ભદ્રેશ પટેલ આ કેમ્પમાં સેવા આપશે.

☺ વાડીલાલ એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ,

કપડવંજ સંચાલિત તાલુકા વિકલાંગ પુનર્વસન સેવાયજ્ઞ દ્વારા જનજાગૃતિ માટે વિકલાંગોની એક વિશાળ રેલી યોજાઈ હતી. મુખ્ય અતિથિ મણીકાન્ત કડકીઆએ શુભેચ્છા પાઠવી રૂપિયા છ હજારના દાનની જાહેરાત કરી હતી.

☺ બાલાસિનોર જેસીસ કલબનો ૧૪મો શપથવિધિ સમારોહ સંપન્ન થયો. નવા વરાયેલા પ્રમુખ શ્રી કનુભાઈ સુથાર (એડવોકેટ) અને તેમની ટીમ શપથ લઈ સુંદર કામગીરી માટે ખાત્રી આપી હતી.

☺ દ્વારકેશ સોસાયટીમાં પાર્ક કરેલ રૂા. ૧૪ હજારની મોટર સાઈકલ ઉઠાવીને ઉઠાવગીર ફરાર થઈ ગયો. આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

☺ જેઠોલી મુકામે લીલવણીયા મહાદેવમાંથી ઈલેકટ્રીક મોટર, કેબલ વાયર તથા પી.વી.સી. પાઈપ મળી કુલ રૂા. ૧૫ હજારની માલમત્તાની ચોરી કરી ઈસમો ફરાર થઈ ગયા હતા. મહાદેવના સાધુ પ્રેમગીરી ગુરુ નિરંજન દેવે બાલાસિનોર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં ગુન્હો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે.

☺ મહાલક્ષ્મી સોસાયટી વિસ્તારમાં બનનાર નવા સ્વીમીંગપૂલ તથા રમતગમત સંકુલનું ભૂમિપૂજન કલેકટર શ્રી વરસાણીના હસ્તે કરવામાં આવ્યું હતું. સમારંભના અધ્યક્ષપદે ધારાસભ્ય શ્રી રાજેશ પાઠક હતા. રાજ્યસભાના સભ્યશ્રી અરુણ જેટલીની રૂા. ૧૮ લાખની ગ્રાન્ટ આ કાર્ય માટે મળી છે.

☺ બખલીવાળા વિદ્યામંદિરમાં સાક્ષરદિપનો પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજાયો હતો. પ્રમુખ ચંદ્રિકાબહેન ચૌહાણ, તાલુકા કેલવણી નિરીક્ષક નટવરસિંગ ચૌહાણ તથા આચાર્ય રાજેન્દ્રભાઈ ભટ્ટે સાક્ષરદીપ યોજનાનું મહત્વ સમજાવ્યું હતું.

***('ઈશારો' દિ. ભાસ્કર અને અન્ય પત્રોમાંથી સંકલિત)***

## ગ્રીન્સ ટાવર્સનો ઉદઘાટન સમારંભ

સ્વ. જીતુભાઈ કડકિયાના સ્વપ્ન સમા ગ્રીન્સ ટાવર્સનું બેગમ પેઠ, હૈદ્રાબાદ ઉદ્‌ઘાટન તા. ૮.૧.૨૦૦૫ના દિને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુંબઈથી સ્વ.ના કુટુંબીજનો, સ્નેહી શુભેચ્છકો તથા મિત્રોએ હાજરી આપી હતી. પતિ અને પિતાના સ્વપ્નને સાકાર કરવામાં પત્ની શ્રીમતી કોકિલાબહેન કડકિયા, અને પુત્રો રાજેશ-શરદ એમના કુટુંબીજનો અમેરિકાથી અત્રે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

બે-દિવસના આ સમારોહમાં હાજર રહેલા મુંબઈવાસી મિત્રો-સંબંધીઓની સરભરા અને મહેમાનનવાજી કરવામાં કડકીઆ કુટુંબે જરા જેટલી કચાશ રાખી ન હતી. ઉતારાથી માંડી અવર-જવર માટે વાહન વ્યવસ્થા અને ભોજન વગેરેની સુંદર વ્યવસ્થાએ સૌને પ્રભાવિત કર્યા હતા.

આ પ્રસંગે માતબર રકમના દાનની, આપણી સંસ્થાઓ માટે, જાહેરાત કરવામાં આવી હતી. આમ સ્વર્ગસ્થ જીતુભાઈની સ્મૃતિ પાછળ એમનાં કુંટુંબીજનોએ કરેલી સખાવત માટે સૌ સવિશેષ અભિનંદનના અધિકારી છે.

## અભિનંદન

☺ નવનીતલાલ કડકીઆ (બનડા) અને શ્રીમતી શિલ્પાના પુત્ર શૈલેષે વૉશિંગ્ટન - U.S.A. ની ૨૬ માઈલ મેરેથોન રેસમાં સતત આઠ કલાક ભાગ લીધો હતો.

☺ નીલેશ લીલાધર શાહની પુત્રી શ્રધ્ધા નિજાનંદ માટે નિઃશુલ્ક નૃત્યના વર્ગો ચલાવે છે. કેટલાક સમય પહેલાં બિરલા માતુશ્રી સભાગારમાં યોજેલ નૃત્યના કાર્યક્રમમાંથી મળેલી રૂા. ૬૦,૦૦૦/- જેવી રકમ સમાજસેવાર્થે દાનમાં આપી સેવાક્ષેત્રે ઉત્તમ ઉદાહરણ પૂરુ પાડયું છે.

શ્રધ્ધાને અભિનંદન.

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧) પંકજ રમણલાલ તલાટી
એ-૧૩ કસ્તુર પાર્ક, અપુર્વ કો.ઓ.સો.,
૨ જે માળે, દત્ત મંદિરની સામે, સિમ્ફોલી રોડ,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨
ફોન : ૨૮૯૯ ૪૬૩૧

૨) પ્રભાકર દીનકરલાલ શાહ
આવિષ્કાર કો.ઓ.સો.લી.
૩ જે માળે, ફલેટ નં.૧૯, બિલ્ડીંગ નં.-૬,
કસ્તુર પાર્ક, સુવર્ણા હોસ્પીટલની પાસે,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૯૨
ફોન : ૨૮૯૯ ૪૯૯૨

૩) વિનીત નવનીતલાલ કડકીઆ
બી/૩૨, તરંગ એપાર્ટમેન્ટ
ગીલ્બટ હીલ રોડ, રેકલેમેશન કલબની પાછળ
અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૮

૪) હરીશ રસીકલાલ પરીખ
૯૩/ એન્ટરપ્રાઈઝ બિલ્ડીંગ, ફોરજેટ હીલ,
ભાટીયા હોસ્પિટલ પાસે,
મુંબઈ - ૪૦૦ ૦૩૬

૫) રમેશ કે. મોદી
૧૩૦૭, ગાંધી ભુવન,
ચુનમ લેન, લેમિંગ્ટન રોડ,
પોલિસ સ્ટેશનની બાજુમાં, ગ્રાંટ રોડ,
મુંબઈ - ૪૦૦૦૦૭
ફોન : ૯૮૧૯૧૦૨૦૪૩

## વૈદ્યરાજનો ગોળો

સ્વ. પૂનમચંદ પરીખ (વૈદ્યરાજ)ના ‘વૈદ્યરાજના ગોળા’ થી આપ સૌ પરિચિત છો. તેમની દીકરી સુરેખા અને જમાઈ અશ્વિનકુમાર ગાંધી તરફથી સ્નેહભાવે થોડાંક ‘ગોળા’ પ્રાપ્ત થયા છે. ભવિશ્યમાં સહકાર મળશે તે નિયમિત ‘વૈદ્યરાજના ગોળા’ જરૂરીયાતવાળાોને વિના મૂલ્યે આપવાની ઈચ્છા છે.

હાલ પુરતું દર શનિવારે બપોરના ૩ થી ૫ ના સમયમાં નીચેના સરનામે જરૂરીયાતવાળાઓને વિના મૂલ્યે આપવામાં આવશે.

**સીમ્પેક્ષ ટ્રેડીંગ કું., ૮ નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૩. ફોન : ૨૩૪૨૧૩૧૭**

## જાહેર આમંત્રણ

### શ્રી ગોકુલનાથજી મંદિર ફગવા ઉત્સવ : બાલાસિનોર મુકામે

આ વર્ષે શ્રી ફગવા ઉત્સવ સંવત ૨૦૬૧ના ફાગણ સુદી નોમને શનિવાર તા. ૧૯.૩.૨૦૦૫ના રોજ છે આ ઉત્સવમાં હાજર રહેવા સર્વે બાલાસિનોર દશાનિમા વૈષ્ણવોને ભાવભર્યું આમંત્રણ છે. તો આપ સર્વે આ પ્રસંગે જરૂરથી સહકુટુંબ બાલાસિનોર પધારશોજી.

**કાર્યક્રમ :** તા. ૧૮.૩.૨૦૦૫ને શુક્રવાર કિર્તનીયા સાંજે ૪.૦૦ વાગે સ્થળ : હોળી ચકલા, બાલાસિનોર. તા. ૧૯.૩.૨૦૦૫ને શનિવાર શ્રી ઠાકોરજી મંદિરેથી સવારે બગીચે પધારશે.

આ પ્રસંગે સર્વે વૈષ્ણવો માટે પ્રસાદ લેવાની વ્યવસ્થા રાખેલ છે. અમારૂ ભાવભર્યું આમંત્રણ સ્વીકારી ઉત્સવમાં ભાગ લેવા જરૂરથી પધારશોજી.


**લી. સ્વ. ચીમનલાલ જેઠાલાલ પરીખ (જેઠાઝવેર)નો પરિવાર**

## તેજસ્વી તારલાં


- ડૉ. કિરણ મણીલાલ શાહ (કડુજી)ની પુત્રી રીતી એ સેકન્ડ M.B.B.S.ની પરીક્ષા ૭૩.૦૯ % સાથે પાસ કરેલ છે.

- પરેશકુમાર રમણીકલાલ દેસાઈ(ઈન્દોરવાળા)ના સુપુત્ર રાહિલ પરેશકુમાર દેસાઈએ ૨૦૦૪માં લેવાયેલી CBSE પરીક્ષામાં અંગ્રેજી વિષયમાં ૯૫ % માર્કસ લાવી CBSE Board માં 0.1 % માં સ્થાન પ્રાપ્ત કર્યું છે. CBSE Board (Delhi) તરફથી Certificate of Merit આપવામાં આવ્યું છે.

સંસ્થા વતી તેઓને અભિનંદન.



## નવા ફોન નંબર



કડકીયા જીમી શરદ (મલમ)
ઓસ્ટ્રેલીયા મો. (૬૧) ૪૧૪૯૨૬૯૭૬

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| અનીલકુમાર કીર્તનલાલ દોશી | ૭૦ |
| કમળાબેન કીર્તનલાલ ધારીઆ - દાઉદીયા | ૮૬ |
| વિરેન્દ્ર સુરેન્દ્ર ધારીઆ - દાઉદીયા | ૨૫ |
| મણીબેન રમણલાલ ગાંધી | ૯૫ |
| પન્નાબેન સુરેન્દ્ર પરીખ | ૬૩ |
| મુળજીભાઈ ચંદુલાલ ધારીઆ | ૮૨ |
| કમળાબેન રમણલાલ શાહ | ૯૦ |
| ગીરજાબેન ભીખાલાલ શાહ | ૯૫ |
| બાબુલાલ ઓચ્છવલાલ કડકીઆ (લટકારી) | ૯૪ |
| નેવીલ ભરતકુમાર કડકીઆ (ફાડીયા) | ૨૨ |
| કાન્તીલાલ ચંદુલાલ મોદી (વીમાવાળા) | ૯૨ |

પ્રભુ સદ્‌ગતના આત્માને ચિરઃશાંતિ અર્પે.

## અમૃતવાણી

- જેમ સમુદ્રમાં રહેતા ઝીણાં જળજંતુ મગરની સાથે વેર કરીને સુખ નથી પામતા, તેમ બળવાનની સાથે દ્વેષ રાખનારા દુર્બળ માણસ પણ કુશળક્ષેમ રહી શકતો નથી.

- જેમ માણસ જેટલી સોડ લાંબે હોય તેટલા પગ લાંબા કરે છે, તેમ બુદ્ધિશાળી માણસ પણ પોતાની શક્તિનો વિચાર કરીને તે પ્રમાણે કામ કરે છે.

- જેમ હાથ હલાવ્યા સિવાય (હાથના) પંખાનો પવન લાગતો નથી, તેમ વિદ્યા અને ધનને કોઈ પણ માણસ મહેનત કર્યા વિના પામી શકતો નથી.

- જેમ છીછરા સરોવરનું પાણી રોજ રોજ ઘટતું જાય છે, તેમ દુર્જનોની સાથે કરેલી મિત્રતા પ્રતિદિન ઘટતી જાય છે.

- જેમ ગરમ દુધથી દાઝેલા માણસ છાશને પણ ફૂંકીને પીવે છે, તેમ ધુતારાથી છેતરાયેલા માણસને સજ્જનમાં પણ વિશ્વાસ આવતો નથી.

- કોઈપણ વસ્તુને તુચ્છ નહિ ગણવી જોઈએ કારણ કે તુચ્છ વસ્તુ બળવાન માણસને પણ સમય આવતા નિર્બળ બનાવી દે છે, એટલે કે દરેક વસ્તુમાં કાંઈક બળ તો હોય જ છે.

- દરેક કાર્યો વિચારીને કરવા સાથે સાથે મુખમાંથી વાણી પણ વિચારને કાઢવી, કારણ કે મુખમાંથી નીકળેલા શબ્દોની સત્તા આપણા ઉપર ચાલે છે અને મુખમાંથી રહેલ શબ્દો ઉપર આપણી સત્તા ચાલે છે.

- જગતમાં માત્ર વાણીથી ઉપદેશ કરવાથી તેનો પ્રભાવ ઓછો પડે છે પણ પોતાના આચરણથી જ સાચે પ્રભાવ પાડી શકાય છે. સાથેસાથ અહ્‌મનો પણ ભાવ હોવો જરૂરી છે.

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જયોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે**

**E-mail Address - vadsol@balasinor.org**